धाभरितात्मकत्वस्योचितत्वात्। तथा च सदा तद्भरितत्वं
तत्पूर्णत्वं तन्निष्पन्नत्वं वा प्राकृतानुकृत्याऽन्यजनमोहकत्वं
चैश्वर्यमेवेति तथेत्यर्थः। रसान्तरामेलनेनान्तर्बहिस्तथात्व-
ज्ञापनाय अतीत्युपसर्गः। वीर्यं निरूपयन्ति विहारान्
कुर्वाणा व्रजपतिविहाराब्धिषु सदेति। वीर्यं हि भगवतो
भक्तानां स्वलीलामृताम्बुधिषु निमग्नानां ततः पृथक्करण-
म्। द्वितीयतृतीयादिलीलानुभावकत्वं सर्वोपमर्दिस्वविरह-

છે. તેનાથી પ્રકટ જે સુધા એ સુધા ગુણગાનવડે અધરમાં આવી તે બધી સ્વામિનીઓના મુખમાંથી ભેગી થતાં જેમ બીબામાં સોનાના રસને ઢાલે તેમ તે સુધારસની જે મૂર્તિ તે શ્રીઆચાર્યનું સ્વરૂપ બન્યું તે ધર્મિરૂપે અહિં કહેવાય છે. તે સ્વરૂપમાં સુધા ભરી છે તે સદા સ્થાયી છે છતાં પ્રાકૃતના જેવું અનુકરણ કરી આસુરોને મોહ કરે છે એથી ઐશ્વર્ય ગુણ પ્રથમવિશેષણથી કહ્યો જ્યારે તેમાં બીજા રસનું મેલન થાય છે ત્યારે અંદર અને બહાર રસરૂપતા થાય છે એ બતાવવા अति ઉપસર્ગ કહ્યો છે.

विहारान् એ વિશેષણથી વીર્યનું નિરૂપણ કરે છે. પ્રથમ વીર્યનો અર્થ કરે છે. પોતાની લીલારૂપી સુધાસિન્ધુમાં પડેલા ભક્તોને

**भावाज्जीवनसंपादनं तथात्रापि व्रजस्य निःसाधनस्य पतिः फलात्मा नियामको रक्षकः सर्वधर्माधारोऽनन्यतासंपादकः स्वधर्मतद्भावबोधको निरुपधिप्रियः स्वसंबन्धेनान्यसंबन्धकारकस्तत्स्वार्थताबोधकस्तस्य ये विहारा विशेषेण मनोहरणसमर्थाः स्वस्वरूपधर्ममर्यादात्यागपुरःसरं क्रियमाणक्रीडाविशेषाः रासादिरूपास्ते स्वामिनीनां मुखारविन्देभ्यो गुणगानदशायां निःसरन्तो रसाब्धिरूपास्तेषु विहारान् देहेन्द्रियादिविस्मारकान् लीलाविशेषान् कुर्वाणा भावप्रकारेण सदाऽव्यवधानेन तादृशस्य स्वान्यानुसंधानरहि-**

તેમાંથી જૂદા પાડી પોતાના સ્વરૂપનો અનુભવ કરાવવો. સ્વરૂપ સંયોગ અને વિયોગ એમ બે રૂપવાળું છે તેમાં સંયોગ છોડાવી વિયોગનું દાન કરવું અને તે વિયોગ ભક્તના દેહને ભસ્મ ન કરે એવીરીતે વિરહનો અનુભવ કરાવવો અને જીવન નિર્વાહ કરવો એ ભગવદ્વીર્ય છે. તેજ બીજા વિશેષણથી કહે છે કે નિઃસાધન એવા વ્રજના પતિ એટલે રક્ષક ફલરૂપ અને નિયામક સર્વધર્મના આધાર ભક્તની અનન્યતાને રાખનાર અને સ્વધર્મ અને ભાવનો બોધ કરનાર તેના વિહારો વિશેષરૂપે મન હરવામાં સમર્થ, પોતાના સ્વરૂપ તથા ધર્મમર્યાદાના ત્યાગ પૂર્વક જે રાસાદિક્રીડા તે રસરૂપ હોઈ ને વિરહાવસ્થામાં સ્વામિનીઓના મુખારવિંદથી ગુણગાન કરતાં જે શબ્દો ઉચ્ચારવામાં આવે છે તે અમૃતના સમુદ્રરૂપ છે તેમાં વિહારકરતાં દેહ ઇન્દ્રિયોનું વિરહમાં અનુસંધાન ન રહેતાં જે તેના દેહવિગેરેને બચાવવા તે ભગવદ્વીર્ય આ વિશેષણથી કહ્યુ.

तस्य स्वभक्तानां सर्वेभ्यः पृथक्करणं तत्तल्लीलानुभावकत्व स्वदत्तविप्रयोगभावेपि जीवनसंपादनं वीर्यमिति तथेत्यर्थः। यशो निरूपयन्ति प्रिया गोपीभर्तुरिति । यथा भगवतो भक्तानां निजदर्शनार्तियुतानामार्तिनिराकरणेनोदयस्वरूपामृतदानेन च यशस्वित्वं तथात्रापि गोपीनां निःसाधनानां तदेकनाथानां तत्परिग्रहरूपाणां क्षणवियोगासहिष्णूनां नित्यदा तदार्तियुतानां भर्तुः निःकारणार्तिनिराकर्तुः स्वरूपामृतदानेन पोषकस्य नियामकस्य भगवतः प्रियतया तद्धर्मवत्त्वेन तथाविधवचनैः स्वभक्तानां तदनुकूलदास्योपयोगित्वेन तथा विधकृत्या भगवतोप्यार्तिनिराकरणस्वरूपानन्ददानाभ्यां तथात्वमित्यर्थः। यद्वा। गोपीनां तद्भर्तुश्च स्वयं श्रीयमुनावत्तत्संबन्धसंपादकत्वेन विविधलीलोपयोगित्वेन प्रिया क्षणमप्यपरिहेया। तथा च प्रभोर्भक्तानां

ભગવાન પોતાના ભક્તની આર્તિ જોઇને પોતાનું ન દેવાયોગ્ય એવું સ્વરૂપ છે તેનું પણ કરૂણાથી દાન કરે છે તેજ તેનું યશ છે તે પ્રિયા ગોપીભર્તુઃ એ વિશેષણથી કહે છે. ગોપીઓ નિ:સાધન છે તેને સર્વસ્વ એક ભગવાનજ છે. ભગવાનના તે પરિગ્રહરૂપ છે. એક ક્ષણના વિયોગમાં પણ પ્રાણવિયોગ થાય એવા ઉત્કૃષ્ટ ભાવવાળાં છે તેથીજ ભગવાને તેનો સ્વીકાર કર્યો છે. પ્રભુને પણ તેમાં કોઈ સ્વાર્થ નથી માત્ર તેના સુખનોજ વિચાર છે. તે પોતાના સ્વરૂપામૃતનું દાન કરીનેજ તેનું ધારણ પોષણ કરે છે એવા ભગવાનને પણ પૂર્વોક્તા-

चार्तिहृतिस्वरूपानन्दप्रतिपादनाभ्यां तथेत्यर्थः। अथ वा। गोपीनां भर्तुस्ता विभर्तीति विग्रहेण स्वहृदि तत्स्वरूपधारकस्य भगवतस्तद्विप्रयोगदशासामयिकं रूपमुच्यते। तथा च तथा समये तद्वार्तादिकथनादिना आश्वासनेन तदार्तिनिराकरणात्प्रियेति तथेत्यर्थः। श्रियं निरूपयन्ति वल्लभ इति। प्रथावतीति श्रीमत्त्वं हि स्वतोभूषणभूषणाङ्गस्य भक्तार्थं प्राकट्ये तत्साहित्येन शक्तिसहितपुरुषस्यैवाधिकशोभावत्त्वम्। तथात्रापि विश्वोद्धारार्थं भुवि प्राकट्ये वल्लभ इति

ચાર્યચરણની મૂર્તિ અતિ પ્રિય છે. તેનું કારણ એટલુંજ કે શ્રીમદાચાર્યચરણ ભગવાનને ભક્તાર્તિ થાય ત્યારે નાનાવચનવડે તેના દુઃખને પણ દૂર કરી સુખ વિશેષનો અનુભવ કરાવે છે તેમજ સ્વલીલામાં અનેક વિધ તેમનો ઉપયોગ થાય છે તેથી પણ તેને ક્ષણવાર દૂર કરતા નથી તેથી प्रिया એ વિશેષણ મૂર્તિને આપી શ્રીઆચાર્યચરણનું યશ શ્રીગુસાંઇજીએ આ શ્લોકથી કહ્યું. અથવા ગોપીભર્તુઃ એનો એવો અર્થ કરે છે કે ભગવાન્ વિપ્રયોગદશામાં बिभर्तीति भर्ता એમ વિગ્રહ કરવાથી ભગવાન પણ ગોપીને હૃદયમાં ધારણ કરે છે તે વિપ્રયોગના સમયમાં શ્રીમદાચાર્યચરણ તેમની વાત કરી તેના હૃદયના તાપને શમાવે છે તેથી આચાર્યચરણ ગોપીભર્તાના પ્રીતિપાત્ર છે એમ કહેવાનું તાત્પર્ય છે.

वल्लभ इति प्रथावती એ વિશેષણથી શ્રીગુણનું કથન કરે છે. ભગવાન્ શ્રીયુક્ત છે કેમકે તે ભૂષણના પણ ભૂષણરૂપશ્રીઅંગવાલા છે એવારૂપથી પ્રકટ થાય છે કે જેના દર્શનથી કોટિકામ પણ લજ્જિત

प्रिय इति प्रथा विस्तृता प्रसिद्धिस्तद्वत्त्वेन सर्वदैव स्वभक्त-साहित्येन ताहशशोभावत्वात्तथेत्यर्थः । अत्रायं भावः । सर्वदा वल्लभत्वेपि तत्प्रथाया आविर्भावावसर एव सत्त्वात् स्वीयसकलजनवेष्टितत्वमाविर्भावः इति सदैवाविर्भावे तथा शोभावत्त्वमिति । अत एव भगवतोप्याविर्भाव एवैतच्छोभावत्त्वमिति शुकोपि 'व्यरोचताधिकं तात पुरुषः शक्तिभिर्यथा' इत्युक्तवान् । यद्वा । वल्लभ इति प्रथावतीत्यनेनाविर्भावसामयिकं रूपमुच्यते । तथा चाविर्भावे 'त्रैलोक्यलक्ष्म्येकपदं वपुर्दधत्' इति वाक्याद्भगवत इवात्रापि तथात्वमित्यर्थः । नन्वाविर्भावे स्वरूपसौन्दर्यमेव प्राप्येत न पूर्वोक्तं भक्तसाहित्यकृतं तदिति चेन्न, भक्तार्थमेव भक्तसाहित्येनैवाविर्भावेन ताहशतदुपलब्धेः । अत एवोक्तमाचार्यैः तत्त्व-

થાય છે તેમ શ્રીવલ્લભના પ્રાકટ્યથી પણ વિશ્વનો ઉદ્ધાર થવાથી તેના નામની ખ્યાતી વિશેષ થઈ તે પણ શોભારૂપ છે. જોકે ભગવાનને પ્રિય હોય છતાં તે પૃથ્વી ઉપર પધારે ત્યારે તેની ખ્યાતિ તો ભક્તના સમુદાયમાં વિરાજવાથી વધારે થાય તેથી ભગવાનનો પણ શ્રીરાસમાં આવિર્ભાવ થયો ત્યારે 'व्यरोचताधिकं तात पुरुषः शक्तिभिर्यथा' એમ શુકદેવજીએ ભક્તસહિત ભગવાનની શોભા કહી છે. અથવા વલ્લભ અને પ્રથાવતી એ બે વિશેષણથી શ્રીઆચાર્યચરણના પ્રાકટ્ય પછીની એ શોભા છે એમ કહે છે. જેમ ભગવાનના પ્રાકટ્ય સમયે 'त्रैलोक्य-लक्ष्म्येकपदं वपुर्दधत्' કહ્યું છે તેમ શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યસમયમાં પણ ભક્તસાહિત્ય છે તેથીજ શ્રીઆચાર્યચરણ નિબન્ધ તૃતીયપ્રકર-

दीपनिबन्धतृतीयप्रकरणाद्यपद्यव्याख्याने 'कृष्णशब्देन परं वस्तूच्यते तदेव कदाचित्परमसौन्दर्यं स्वगतं प्रकटीकरिष्यामीतीच्छया प्रादुर्भूतं सच्छ्रीकृष्ण इति'। ज्ञानं निरूपयन्ति सुभगमूर्तिरिति। यथा भगवतः पुष्टिमार्गीयं ज्ञानं वियोगदशाजनिताबहिःसंवेदने सखीवचनसमुद्भूतं रसशास्त्रप्रकारकं तथात्रापि सुष्ठु समीचीनं पुष्टिमार्गीयं पूर्वोक्तप्रकारकं भगो ज्ञानं यस्या इति वियोगदशायामतिशयितभावाधीनान्यथाभावसंभावनायां प्रादुर्भूतभगवदभिहितविविधप्रकारकस्वास्थ्यसंपादकवाक्यजनितज्ञानमेवेति तथेत्यर्थः। भगशब्देन केवलज्ञानमप्युच्यते व्यासादिष्वैश्वर्याद्यभावेपि भगवच्छब्दप्रयोगात्। यद्वा। सुष्ठु भगो ज्ञानं येन यत्र यतो वा। तथा च प्रभोरपि तथा-

ણના આરંભમાં કહે છે કે 'कृष्णशब्देन परं वस्तूच्यते तदेव कदाचित्परमसौन्दर्यं स्वगतं प्रकटीकरिष्यामीतीच्छया प्रादुर्भूतं सत् श्रीकृष्ण इत्युच्यते' કૃષ્ણશબ્દથી પરબ્રહ્મ કહેવાય છે તેજ ક્યારેક હું સ્વરૂપમાં રહેલું પરમ સૌંદર્ય પ્રકટ કરૂં એવી પોતાની ઇચ્છાથી પ્રકટ થાય છે ત્યારે શ્રીકૃષ્ણ કહેવાય છે.

सुभगमूर्ति એ વિશેષણથી આચાર્યચરણના સ્વરૂપમાં જ્ઞાનગુણનું વર્ણન કરે છે. વિયોગાવસ્થામાં જ્યારે કાંઈ પણ અંદર બહારનું જ્ઞાન ન રહે ત્યારે તેને સમાનશીલસખી રસશાસ્ત્રના માર્ગથી સમજાવે ત્યારે તેને જ્ઞાન થાય છે તે પુષ્ટિમાર્ગીય જ્ઞાન કહેવાય. તેવું જ્ઞાન શ્રીઆચાર્ય-

दशायां तज्ज्ञानदायकस्य स्वस्य तज्ज्ञानसंपत्तेरुचितत्वादि-तिभावः। अस्मिन् पक्षे सुभगस्य मूर्तिरिति व्याख्येयम्। अथ वा सुभगा सुन्दरा चासौ मूर्तिरिति तथा च 'यत्राकृति-स्तत्र गुणा वसन्ति' इति न्यायेन तथाविधज्ञानसत्त्वे किमा-श्चर्यम्। तद्दास्यानुकूलसौन्दर्यस्य यावत्तद्गुणसमानाधि-करणत्वादिति भावः। यद्वा। सुष्ठु समीचीना प्रकाशमान-तया भगा भगवदैश्वर्यादयो यस्यास्तथा च यत्संबन्धेनान्ये-षामपि भगवदैश्वर्यादीनां प्रकाशस्तत्र तद्धर्मज्ञानसत्त्वे

ચરણમાં છે તે ઉપરના વિશેષણથી બતાવે છે કે જ્યારે ભક્તો ભગવા-નના વિયોગમાં અતિશયિત દુઃખ પામે છે અને હવે તેના પ્રાણ જશે એવી સંભાવના થાય છે ત્યારે ત્યાં પ્રકટ થઈ ભગવાનના વિચારને જણાવી તેને શાંત કરે છે. તે કેવલ જ્ઞાનને કહેનાર પણ ભગશબ્દ છે તેથીજ વ્યાસજીને ભગવાન્ કહે છે. તેમાં ઐશ્વર્યાદિ નથી છતાં ભગ-વચ્છબ્દ વાચ્ય તે પણ થઈ શકે છે. એમ પ્રકૃતમાં નથી તેથી સુભગ એમ સુશબ્દ અહિં વધાર્યો છે સુષ્ઠુ સારૂં જ્ઞાનતો ભગવાનને પણ સ્વાસ્થ્ય સંપાદક હોય તે સારૂં કહેવાય એવું જ્ઞાન શ્રીઆચાર્ય ચરણમાં છે. કેમકે પ્રભુને પણ વિપ્રયોગદશામાં સ્વાસ્થ્યસંપાદક શ્રીઆચાર્ય-ચરણ છે. આ અર્થમાં તત્પુરુષ સમાસ કરવો. અથવા સુંદર મૂર્તિ એવો અર્થ કરવો. 'यत्राकृतिस्तत्र गुणा वसन्ति' એ ન્યાયથી જ્યાં અલૌ-કિક સૌંદર્ય હોય ત્યાં અલૌકિક ગુણ પણ હોય. જ્યાં તે ભગવાનની સેવાને લાયક સૌંદર્ય હોય તે ભગવાનના જેવાજ ગુણવાલો હોય એવો આમાં ભાવ છે. અથવા જેમાં સુંદર પ્રકાશમાન ઐશ્વર્યાદિ ગુણો

**किमाश्चर्यमितिभावः। वैराग्यं निरूपयन्ति सकरुणेति। वैराग्यं हि भक्तेषु कृपा तदतिरिक्ते रागाभावस्तथात्रापि निरुपधिकरुणावत्त्वेन तथेत्यर्थः। ननु करुणामात्रोक्त्या तदतिरिक्तरागाभावः कथं प्राप्यते इति चेन्न। करुणा हि निरुपधिपरदुःखप्रहाणेच्छा। सा चाचार्येषु भक्तविषयैवोपलभ्यते तदर्थं प्रादुर्भूयासुरमतनिराकरणात्, तथा च तदतिरिक्तरागाभावः सिद्ध इति भावः। अतएव 'रोषदृक्पातसंप्लुष्टभक्तद्विड्' इति मत्प्रभोः सर्वोत्तमे नाम। यद्वा।**

છે કે જેના સંબન્ધથી તે ગુણો બીજામાં પણ જોવામાં આવે છે. તો પછી સાક્ષાત્પ્રભુસ્વરૂપમાં તેવા ગુણો હોય તેમાં શું કહેવું એમ કૈમુતિક ન્યાયથી એ વાત સિદ્ધ થઈ.

હવે વૈરાગ્ય ગુણ બતાવે છે તે પણ લૌકિક વૈરાગ્યથી જૂદા પ્રકારનો છે. ભગવાનનો વૈરાગ્ય એટલે ભક્તમાં પ્રીતિ અને તેનાથી બીજા સાધારણ લોકમાં પ્રીતિનો અભાવ. તે ગુણ શ્રીઆચાર્યચરણના સ્વરૂપમાં છે. તેને પણ પોતાના ભક્તોમાં પ્રીતિ છે ઈતરમાં રાગાભાવ છે. કરુણા એટલે દયા તે તો સર્વમાં હોવી જોઇએ તો ઈતરમાં અભાવ કેમ સંભવે એવી શંકાના ઉત્તરમાં કહેવાનું કે કરુણા એટલે નિઃસ્વાર્થ પરદુઃખ દૂર કરવાની ઇચ્છા. તે તો શ્રીઆચાર્યચરણને પોતાના સેવકોમાં છે કેમકે તેને માટે તે ભૂતળ ઉપર પધારીને તેને જે બીજાઓ બીજીરીતે સમજાવી માર્ગાન્તરમાં લઈ જતા હતા તેનું અજ્ઞાન દૂર કરી ભગવત્સમીપમાં લીધા તેથીજ બીજામાં રાગાભાવ સિદ્ધ થાય છે. તેથીજ 'रोषदृक्पातसंप्लुष्टभक्तद्विट' એવું આપનું સર્વોત્તમસ્તોત્રમાં

करुणो भगवान् तत्सहितेति तस्य सर्वदा तथाविधवैराग्य-वत्त्वेन तत्साहित्यादत्रापि तथेत्यर्थः। यद्वा। स्वस्य सहज-करुणावत्त्वेपि करुणभगवत्साहित्योक्त्या द्विगुणिततद्वत्त्वेन भगवदभिमतगोपनशुद्धपुष्टिमार्गप्राकट्यात् भगवदपेक्ष-यापि तथात्वमित्यर्थः। यद्वा। भगवदीयाखिलधर्मवत्त्वेपि विस्पष्टकरुणासाहित्योक्त्यैव तस्याः प्राचुर्यं ज्ञाप्यते। तथा[1] च अन्तःकरणप्रबोधोक्तभगवदाज्ञाद्वयाकरणेनापि स्वीय-हितकर्तृत्वात् तथात्वमिति भावः। अतएव 'महाकारु-णिकः' इति मत्स्वामिनः सर्वोत्तमे नाम। अस्माकमिति हृदये स्वसंबन्धित्वोक्त्या यत्र हृदये स्वसंबन्धस्तत्रापि स्फुरत्विति भावो भाव्यः। बहुवचनं त्वनुपदोक्तमाहात्म्य-सूचनाय ॥ १ ॥

નામ છે. અથવા કરુણાવાલા ભગવાન્ તેની સાથે રહે છે તેથી સકરુણ એટલે ભગવાનની દયા અને તદધિષ્ઠાનરૂપ આચાર્યની દયા તેથી બેવડી દયાથી શુદ્ધ પુષ્ટિમાર્ગને પ્રકટ કરીને આપે ભગવાનથી પણ વિશેષ દયા બતાવી છે. અથવા ભગવાનના બધા ધર્મો શ્રીઆ-ચાર્યચરણમાં છે છતાં તેનો ઉલ્લેખ અહિં ન કરતાં કેવલ દયાનો ઉલ્લેખ કર્યો તેથી એમ સમજાય છે કે બધા ભગવાનના ગુણો શ્રીઆચાર્ય-ચરણમાં છે પરંતુ તે બધા ધર્મો કરતાં કરુણા વધારે છે તેથી

---

१. तथा च भगवानपि यत्र कुप्यति तादृशेपि प्रार्थनादिभिर्भगवत्कोपनिवारकत्वात् तथात्वमितिभावः। अतएव 'अङ्गीकृत्यैव गोपीशवल्लभीकृतमानवः' इति मत्स्वामिनः सर्वोत्तमे नाम।

**एवमन्तरङ्गधर्मसहितधर्मिस्वरूपमेकेन निरूप्य बहिरङ्गैश्वर्यादीन्निरूपयितुमखिलजनोद्धारकत्वरूपमैश्वर्यमिति श्रीभागवतगूढभावार्थप्रकाशनद्वारा तथात्वं वदन्तस्तदंशुभूषितत्वेन भावानां हृदि तदुदयाधीनोदयवत्त्वं च ज्ञापयन्तस्तथाभूते दास्यमेव फलमिति तत्प्रार्थयन्ते श्रीभागवतेति ।**

શ્રીઆચાર્યચરણે ભગવાનની આજ્ઞાથી ભૂતળ ઉપર પધારી શ્રીભાગવત સુબોધિની વિગેરે કરી ભગવાનનું અભિમત કાર્ય સર્વ કર્યું તેમાં પણ પુષ્ટિમાર્ગને પ્રકટ કરીને ભક્તની ઉપર મોટો ઉપકાર કર્યો એ તેમણે નિરુપધિ કરુણાનું કાર્ય કર્યું છે. તેથીજ તેમનું સર્વોત્તમજીમાં 'महाकारुणिकः એવું નામ વિરાજે છે. અમારા હૃદયમાં એ મૂર્તિ વિરાજો એમ છઠ્ઠી વિભક્તિથી કહ્યું છે એ વિભક્તિ સંબંધવિવક્ષામાં થાય છે તેથી જે ભક્તના હૃદયમાં તે મૂર્તિ વિરાજે તેના સંબંધિઓના હૃદયમાં પણ તે વિરાજે એવો ભાવ છઠ્ઠી વિભક્તિથી વ્યક્ત થાય છે.[1]

એમ અન્તરંગ છ ધર્મો સહિત ધર્મિનું સ્વરૂપ પ્રથમ શ્લોકથી નિરૂપણ કરીને હવે બહિરંગ ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મો હવે પછીના છ શ્લોકથી કહેવાય છે. તેમાં પ્રથમ અખિલ જનોદ્ધારક ઐશ્વર્યરૂપ ગુણનું નિરૂપણ કરતાં શ્રીભાગવતનો વ્યાસાભિપ્રેત અર્થ કરીને સર્વજનોદ્ધારક શ્રીઆચાર્યચરણ થાય છે એ વાત કહેવા માટે શ્રીભાગવતના પદોના ભાવરૂપ કિરણોનો પ્રકાર જો તે પોતે ભક્તના હૃદયમાં પ્રવેશે તો જ થઈ શકે તેથી શ્રીઆચાર્યચરણના દાસ્યની પ્રાર્થના આ શ્લોકથી કરે છે श्रीभागवतेति.

श्रीभागवतप्रतिपदमणिवरभावांशुभूषिता मूर्तिः।
श्रीवल्लभाभिधा नस्तनोतु निजदासस्य सौभाग्यम् ॥२॥

**મૂલાર્થ**—શ્રીભાગવતના દરેક પદો ઉત્તમ મણિઓ છે તેના ભાવો એ મણિઓમાંથી પ્રકટથતા કિરણો છે તે કિરણો વડે જે સ્વરૂપની શોભામાં વધારો થાય છે જે શ્રીવલ્લભ એવા નામથી બોલાય છે એવા શ્રીવલ્લભાચાર્યચરણ પોતાના દાસના સૌભાગ્યને ઉત્તરોત્તર વધારો.[२]

श्रिया शोभया शब्दार्थनिष्ठया रसिकजनश्रवणमनोभिरामयाश्रितनिखिललौकिकालौकिकविविधमनोरथपूरिकया प्रकटप्रभुस्वरूपसमताबोधिकया लक्ष्म्या वा प्रत्यवतारमवतरणशीलया गुणगानैकतानया युक्तं यद्भागवतं भगवतः षड्गुणस्यानन्तमूर्तेरपारलीलस्य प्रभोः परमकाष्ठा-

**ટીકાર્થ**—ભાગવતને શ્રીયુક્ત કહ્યું તે શોભાયુક્ત ભાગવત એટલે તેમાં શબ્દ અને અર્થ એ બન્નેની એવી સુંદરતા છે કે જેને વાંચતાં સાંભળતાં મન પ્રસન્ન થાય છે. તે ભાગવતનો આશ્રય કરનાર જે લૌકિક અલૌકિક ઈચ્છા કરે તેને પૂર્ણ કરવાની શક્તિ શ્રીભાગવતમાં છે. વળી પ્રભુનું સ્વરૂપ જે કાર્ય કરે તે કાર્ય પુરૂષોત્તમના નામસ્વરૂપાત્મક ભાગવત કરી શકે છે. જ્યારે જ્યારે પ્રભુ અવતાર ધરે ત્યારે નામસ્વરૂપ પણ અવતરે છે. ગુણગાનરૂપ એકતાન જેમાં છે પરમકાષ્ઠાપન્ન ષડ્ગુણયુક્ત પ્રભુનું ચરિત્ર જેમાં વર્ણવ્યું છે તેને ધારણ કરનાર પણ તે રવિરૂપને હૃદયમાં નિરુદ્ધ કરી શકે છે. તેથી ભાગવતને શ્રીયુક્ત કહ્યું છે. અથવા भगवतः इदं એવી વ્યુત્પત્તિ

पन्नस्य संबन्धिचरित्रमाहात्म्यप्रतिपादकत्वेनाखिलस्वसेविजनतत्संबन्धसंपादकम्। यद्वा। भगवत इदमिति विग्रहे भगवत इदं रूपान्तरमित्यर्थः। श्रीभागवतस्य नामात्मकतत्स्वरूपात्मकत्वात्। तदपि श्रीयुक्तं प्रकटमित्यर्थः। भगवतोप्यवतारदशायामेव तत्साहित्यात्। तथा च जगदुद्धारार्थमेवैतत्प्राकट्यमिति भावः। यद्वा। श्रीश्च भगवांश्च तत्संबन्धीत्यर्थः। तल्लीलाप्रतिपादकत्वेनोभयसंबन्धि तदेव भूषणं सर्ववेदेष्वाभरणरूपं तस्य यानि प्रतिपदानि तान्येव

કરીએ તો ભગવાન રૂપનામવડે ઉદ્ધાર કરે છે તેમાં આ નામાત્મક ભગવત્સ્વરૂપ છે. તેથી જેમ જગદુદ્ધારક સ્વરૂપ છે તેમ જગદુદ્ધારક શ્રીભાગવત છે. તેથીજ વ્યાસે પુરાણો અને ભારતવિગેરે કર્યાં પણ ચિત્ત પ્રસન્ન ન થતાં નારદના ઉપદેશથી સમાધિમાં લીલાના દર્શન કરીને તેજ લીલા ગ્રન્થરૂપે કહી તેનું નામ ભાગવત, જેનાવડે વ્યાસજીને સંતોષ થયો તેથી તે સર્વોદ્ધારક છે. અથવા શ્રી એટલે સ્વામિનીઓ અને ભગવાનની લીલાને પ્રતિપાદન કરનાર તે ભાગવત બન્નેને શોભા આપનાર છે, તે શ્રીભાગવતના પદો તે ઉત્તમોત્તમ મણિઓ—માયિક અંધકારને સ્વપ્રકાશથી નિવારણ કરનાર છે. સ્વપ્રકાશવડે વસ્તુના ખરા સ્વરૂપને બતાવનાર છે ક્ષુદ્ર દીપ જેવા સાધારણ જ્ઞાનની અપેક્ષાવાળા નથી એ મણિઓ સુવર્ણમાં જડાય ત્યારે વધારે શોભે છે તેમ અહિં સુવર્ણથી ભક્તો સમજવા. ભક્તોને લઇને તે મણિઓના ભાવરૂપી કિરણો પ્રકાશે છે. પ્રભુ ભૂષણપ્રિય છે તે ભક્તના ભાવરૂપ કિરણોને સ્વરૂપમાં ધારી પ્રસન્ન થાય છે તે મદરૂપ

मणयो मायातमोवंती[1] तन्निवारणपटवः[2] स्वप्रकाशप्रकाशिताखिलवस्तुतत्त्वाः क्षुद्रदीपादिप्रकाशसंकाशज्ञानादिप्रकाशनिरपेक्षाः सुवर्णजनसंबन्धे तस्य भूषणत्वसंपादका भूषणप्रियप्रभुप्रीतिप्रसाधका अचिन्त्यप्रभाववन्तो भगवद्वशीकरणसमर्थाः प्रेक्षकजनमनोलोलुपतापादकाः परिदृश्यमानाल्पपरिमाणवत्त्वेन ग्रहणसुकराः परमभाग्यवत्पुरुषपरिचरणीया अतिशयितमूल्यवन्तस्तेपि वरा वरणीया नामात्मकभगवदवयवभूततयातिशयितशोभावत्त्वेन भूषणभूषणरूपाः श्रेष्ठाः असाधारणास्तेषां ये भावास्तात्पर्यवृत्तिप्रतिपादितार्थास्त एवांशवः कराः सर्वतः प्रसृतास्त्वा-

મણિના ભાવરૂપ કિરણો અત્યંત પ્રભાવશાલિ હોવાથી પ્રભુને પણ ભક્તવશ્ય બનાવે છે, જોનાર માણસને તેમાં અત્યંત લોભ કરાવે છે. જોનારને ગ્રહણ કરવામાં સુકરતા રહે છે કેમકે સ્વલ્પ પ્રમાણવાલા છે. પરમભાગ્યવાનને તેનો પરિચય થાય છે. અત્યંત મૂલ્યવાળા હોઇને નામાત્મક ભગવદવયવરૂપ હોવાથી અત્યંત શોભાવાળા છે. તેના ભાવરૂપ તેજ સર્વત્ર ફેલાય છે, બધાના હૃદયમાં પ્રવેશવાનું તેનામાં સામર્થ્ય છે, સ્વસંબંધવાળાના હૃદયમાં અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરી પ્રભુના માહાત્મ્યનો પ્રકાશ કરે છે. તે પ્રકાશના સંબંધથી તે મણિઓ ભગવાનને પણ ધારણ કરવા લાયક અને પ્રિય થઈ પડે છે. વળી તે મણિઓના કિરણ કહ્યાં તેથી તે મણિઓ ચંદ્ર સૂર્ય જેવા કિરણમાલિ છે. તે કિરણોનો સંબંધ શ્રીઆચાર્યચરણને કહ્યો છે તેથી

---

१ गति, युजि । २ निरसन ।

खिलहृदयगमनसमर्थाः स्वसंबन्धिहृदयाज्ञानान्धकारनिवर्तकाः स्वाधारमाहात्म्यप्रतिपादकाः स्वसंबन्धेन स्वाधारसाक्षात्कारकारकास्तैर्भूषितालंकृतेत्यर्थः। एतेनात्र सर्वदा तथाविधभूषणमणिगणकिरणभूषितत्वे नालंकृतिप्रियस्य प्रभोः प्रियत्वमुक्तं भवति। किंच श्रीभागवतप्रतिपदमणिवरभावानामंशुत्वोक्त्या तेषां च मणीनां चन्द्रसूर्यसदृशत्वं व्यज्यते। तथा च तेषामेतत्संबन्धोक्त्यैतद्वचनगतैस्तैः संसारतापनिवारणं भगवद्दिदृक्षार्तितापजनननिवारणे च सूचिते भवत इति भावः। यद्वा। श्रीभागवतप्रतिपदमणिवरभावा एवांशुभूतास्तैर्भूषितेति तन्मूर्तेरेव चन्द्रसूर्यरूपतया तथात्वमित्यर्थः। ननु भावांशुभूषितत्वे सूर्यस्य तेजोमयत्वमिव भावात्मकत्वमेवेति निराकारत्वेन कस्यचिच्छङ्का स्यात् तदभावायाहुः <u>मूर्तिरिति</u>। एतेन <u>भावस्य</u> मूर्तिमत्त्वमप्युक्तं भवति 'रसो वै सः' इति श्रुत्या रसरूप-

શ્રીઆચાર્યચરણ પણ સંસારના તાપથી પીડિત જીવના સંસારને દૂર કરી ભગવાનના દર્શનનો તાપ તેના હૃદયમાં પ્રકટ કરે છે. અને એ તાપનું ભગવત્સાક્ષાત્કારથી નિવારણ કરાવી શકે છે તેથી સૂર્ય અને ચંદ્ર બન્નેનું કાર્ય તાપ અને શીતળતાને બન્ને સામર્થ્ય વિરહ અને સંયોગરૂપે શ્રીઆચાર્ય ચરણ કરાવી શકે છે તેથી તે મૂર્તિજ ઉભયભાવવિશિષ્ટ છે. સૂર્ય તેજોમય છે તેવું સ્વરૂપ શ્રીઆચાર્યજીનું સ્વીકારીએ તો તેજનું રૂપ આકાર રહિત થશે તમે આચાર્યચરણને નિરાકાર કેહી શકશો? આ શંકાના ઉત્તરમાં કહે છે કે તે સ્વરૂપ મૂર્તિમાન્

स्यानन्दमात्रकरपादमुखोदरादिरिति स्मृत्या तथात्वेन सिद्धेः । नन्वेतल्लोकप्रकटितमूर्तेर्न भावात्मकत्वमित्याशङ्क्याहुः श्रीवल्लभाभिधेति। श्रीणां भजनानन्दानुभवार्थमाविष्टलक्ष्मीरूपाणाम्। मुखारविन्दभक्तिरूपत्वेन वल्लभः प्रियः । यद्वा । श्रिया परमशोभया वल्लभ इत्येवाभिधाभिधानं यस्यास्तथा चैतस्या एव मूर्तेः पूर्वोक्तभावात्मकत्वमिति भावः । एतादृशे दास्यस्य फलरूपत्वेन स्वकृत्यसाध्यत्वज्ञापनाय प्रार्थयन्ति नः अस्माकं निजदासस्य यत्सौभाग्यं तत्तनोत्विति । न इति स्वकीयाभिप्रायेण बहुवचनम् । सौभाग्यस्य बहुविधत्वेनेतरेभ्यो व्यावर्तयन्ति निजदासस्येति । दासानामपि साक्षात्परंपराभेदेनानेक-

ભાવાત્મક છે. ભાવાત્મક મૂર્તિવાળું સાકાર સ્વરૂપ છે. રસરૂપ હોઇને આનંદાકાર સર્વાવયવ છે. લોકમાં જે સ્વરૂપ પ્રકટ્યું તે તો ભાવાત્મક નહિં પણ સાધારણ જણાય છે એવી શંકાના ઉત્તરમાં કહે છે કે પ્રકટ્યા છે છતાં લક્ષ્મીના આવેશવાલી ગોપીઓની મુખારવિન્દ ભક્તિરૂપ છે. તેથીજ વલ્લભ છે. તેમના કૃપાપાત્ર હોઇને પ્રિય છે: અથવા પરમ શોભાયુક્ત હોવાથી વલ્લભ એવું તેમનું નામ છે. તેથી જેને ભાવાત્મક કહ્યા તેજ મૂર્તિ વલ્લભનામથી લોકમાં પ્રસિદ્ધ છે. એ તો ભગવદ્રૂપ હોવાથી સાધન સાધ્ય ન હોઇને પ્રાર્થે છે કે તે વલ્લભ પોતાના દાસોના સૌભાગ્યને વિસ્તારો. દાસોમાં પણ સાક્ષાત્ પરંપરાથી નિજ પદ કહ્યુ છે. તેથી શ્રીઆચાર્યચરણના સંબંધવાળા સ્વતંત્ર ભક્તિ-

विघत्वमिति तद्व्यावृत्त्यर्थमाहुः निजेति। यद्वा। निजाः स्वकीयाः श्रीमदाचार्यसंबन्धिनः स्वतन्त्रभक्त्या भक्तास्तल्लीलास्थितास्तद्दासस्येत्यर्थः। एतेन परंपरयापि दास्यस्य प्रार्थनीयत्वेन कैमुतिकन्यायः प्रदर्शितः। तस्यापि न दानमात्रपितु विस्तारणमित्याशयेनाहुः तनोत्विति। अनेनैतदुत्पत्तिवृद्ध्योः केवलं तदधीनत्वं न साधनसाध्यत्वमित्युक्तं भवति। निजदासस्य फलमित्यनभिधाय यत्सौभाग्यमित्यभिहितं तेन तत् सर्वदा प्रकट एव प्रभौ भार्याया इव पत्यौ भवतीति सर्वदा प्राकट्यमेव प्रार्थितमिति भावः।

एवमैश्वर्यं निरूप्य वीर्यं निरूपयन्तः परपक्षक्षपणस्वपक्षरक्षणरूपं 'वीर्यं मे दुश्चरं तपः' इतिवाक्यात्तपोरूपं च

વાલા સ્વલીલામાં સ્થિતિવાળા એવા દાસો તેથી સાક્ષાત્ અને પરંપરાથી પણ દાસભાવની પ્રાર્થના કરી છે. કેવલ દઇને બેસી રહેવાનું નહિ પણ તેનો વિસ્તાર કરો એમ કહેવામાટે તનોતુ કહ્યું છે. તેની ઉત્પત્તિ અને વૃદ્ધિ સાધન સાધ્ય નથી પણ કૃપાસાધ્ય છે. અહિં ફલ આપો એમ ન કહેતાં દાસનું સૌભાગ્ય માગ્યું તેથી એમ જાણવું કે સ્ત્રીનો પતિ પ્રકટ હોય ત્યાં સુધી તેનું સૌભાગ્ય ગણાય છે તેમ શ્રી આચાર્યચરણ અમારા મસ્તક ઉપર સદા પ્રકટ વિરાજો એવો ભાવ કહેવામાં તાત્પર્ય છે.[2]

એમ દ્વિતીયશ્લોકથી બહિરંગ ઐશ્વર્યનું નિરૂપણ કરીને હવે આ શ્લોકથી વીર્યનું નિરૂપણ કરે છે. પરપક્ષનું ખંડન અને સ્વપક્ષનું

**तदुभयविधमपि सूर्यरूप इति तद्रूपतां निरूपयन्ति माया-वादतमो निरस्येति ।**

રક્ષણ એ વીર્ય કહેવાય. वीर्यं मे दुश्चरं तपः કોઇથી ન થઈ શકે એવું તપ પણ વીર્ય કહેવાય છે. તે બન્ને વીર્ય સૂર્યમાં સંભવે છે. તેથી શ્રીઆચાર્યચરણને સૂર્યરૂપે વર્ણવે છે. માયાવાદ એ શ્લોકથી—

**मायावादतमो निरस्य मधुभित्सेवाख्यवर्त्माद्भुतं**
**श्रीमद्गोकुलनाथसंगमसुधासंप्रापकं तत्क्षणात् ।**
**दुष्प्रापं प्रकटं चकार करुणारागातिसंमोहनः**
**स श्रीवल्लभभानुरुल्लसति यः श्रीवल्लवीशान्तरः ॥३॥**

**શ્લોકાર્થ**—દૈવજીવો ઉપર દયા અને ભગવાનના રાગમાં મુગ્ધ થઇને શ્રીઆચાર્યચરણે માયાવાદરૂપ અંધકારને હટાવીને દુઃખથી પણ ન મળી શકે એવી, શ્રીગોકુલનાથના સંગમની સુધાને મેળવી આપનાર, મધુ દૈત્યને મારનાર, ભગવાનની સેવાનો માર્ગ આપે પ્રકટ કર્યો એ ગોપીજનોના ઈશ શ્રીકૃષ્ણ જેના અન્તરમાં છે એવા શ્રીવલ્લભરૂપી સૂર્ય વિલસે છે.

**मायया कापट्येन तत्त्वार्थगोपनपुरःसरमन्याकथन-रूपेण मायाया वा कर्तृत्वादिरूपेण वादः स एव तमः**

**ટીકાર્થ**—ખરૂં સ્વરૂપ છુપાવી બીજું સ્વરૂપ બતાવવું એ માયા. તેનો વાદ તે માયાવાદ. તેજ અંધકાર બધા વિષયના જ્ઞાનને ઢાંકી દેનાર માટે અંધકાર તે અંધકાર તો ભગવચ્છાસ્ત્રના પ્રકાશથી દૂર થાય તેથી

सर्वविषयकज्ञानतिरोधायकत्वात् प्रकाशकभगवच्छास्त्र-निरसनीयत्वाच्च तन्निरस्य नितरां पुनरापतनराहित्येन, अस्य दूरे प्रक्षिप्य दूषणार्थं दूरस्थस्यैव दर्शनमात्रं न स्वस्य तत्संबन्ध इति भावः । एवं तमोनिवारकत्वेन रवित्व-मुक्त्वा मार्गप्रकाशनेनाप्याहुः मधुभित्सेवाख्यवर्त्म प्रकटं चकारेति स्वेच्छया स्वयुयुत्साजनितकण्डूनिवृत्तये निष्पा-दितः स्वश्रुतिमलरूपो यो मधुदैत्यस्तं भिनत्ति विदारयतीति तत्संबन्धिसेवायामपि स्वेच्छया स्वाप्राप्तये सृष्टा ये आसुरा जीवाः प्रकृत्यंशत्वाच्छ्रुत्यर्थविदूषकत्वेन तन्मलरूपास्तद्भे-त्तृत्वेन तत्कृतविघ्नाभावः सिद्ध इति भावः। यद्वा। मध्विव मधु अक्षरं ब्रह्म मधुविद्यायां 'असौ वा आदित्यो देवमधु'

આચાર્યચરણે ભગવચ્છાસ્ત્ર શ્રીભાગવતનો ખરો અર્થ પ્રકટ કરી તે અંધ-કારને દૂર કર્યો. તેને દૂર રાખીને તેના ખંડનને માટે દૂર રાખ્યો પણ સ્વયં તેનો સંબંધ ન કર્યો તેથી निरस्य એમ કહ્યું. પોતાને વાદ કરવાની ચેળ થતાં તે આને સામે કરીને બ્રહ્મવાદને સ્થાપન કરીને અંધકારને દૂર ફેંક્યો કે તે પુનઃ અંતરાય ન કરે. શ્રુતિના મળરૂપ મધુદૈત્યને માર્યો ત્યારે તે મધુભિદ્ કહેવાયા તે ભગવાને સેવાનો માર્ગ પ્રકટ કર્યો જેમાં ચાલનાર એની મેળે ભગવાનને પ્રાપ્ત થાય. તેથીજ તેમાં વિઘ્નરૂપ થતા આસુરોને માર્યા છે. તેથી તે માર્ગે ચાલનારને વિઘ્નનો ભય નથી. અથવા મધુ એટલે અક્ષર બ્રહ્મ મધુવિદ્યામાં असौ वा आदित्यो देवमधु ઈત્યાદિથી વર્ણન છે તે અક્ષર બ્રહ્મથી નિજ જનને જૂદા પાડી નિજાનંદ આપ્યો એવો મધુભિચ્છબ્દનો અર્થ છે. અથવા મધુ એટલે

इत्यादिना मधुत्वेन निरूपणात्। तथा च तद्भिनत्ति स्वकीयेभ्यो भिन्नं करोति। स्वस्वरूपात्मकानन्ददायकत्वादिति भावः। यद्वा मधून् यादवान् भिनत्ति स्वलीलास्थतया नित्यत्वे सर्वेभ्यो भिन्नान् करोतीत्यर्थः। तथा च तत्संबन्धिसेवाभिनिविशिष्टस्य तत्सिद्धौ लीलाप्रवेशे नित्यत्वमपि भवतीति भावः। यद्वा। मधु लोभगतो रसः तं भक्तेभ्यो दातुं वेणुनादप्रवेशाय स्वस्थानाद्भिन्नं करोतीति तथाभूतः। तस्य या सेवा चेतस्तत्प्रवणं, न तु पूजा, तस्या अन्यत्र निरूपितत्वात्, सैवाख्याऽभिधा यस्य तादृशं वर्त्मेत्यर्थः। तस्योपवनविचरणमार्गवन्नयनादिसाफल्यसंपादकत्वमाहुः अद्भुतमिति आश्चर्यरूपत्वेन स्वसंबन्ध्येकैकवस्तुविषयकचेतःप्रवृत्त्या चेतसस्तत्रैव लयसंपादकम्। अथवा अद्भुतमिति अल्पसाधनेन महाफलप्राप्तेः कौतुकरूपमित्यर्थः।

યાદવો તેને બધાથી જૂદા કરી પોતાની નિત્ય લીલામાં દાખલ કરનાર એવો અર્થ કરવો. એટલે યાદવોએ ભગવાનની સેવા કરી તેથી તેને સ્વલીલામાં લીધા એટલે તે નિત્ય સેવા કરતાં ભગવાનની જેમ નિત્ય સ્વરૂપવાળા થયા. અથવા મધુ એટલે ભગવદ્રસ તેનું ભક્તને દાન કર્તવ્ય છે તેથી પોતે વેણુનાદમાં મૂકવા માટે જૂદૂ કરે છે. તે પુરુષોત્તમની સેવાનો માર્ગ જેમાં પૂજા નથી પણ સેવા છે એવો માર્ગ પ્રકટ કર્યો. એ માર્ગ એવો છે કે જેમાં ચાલતાં કલેશ નથી પણ બગીચામાં ફરતાં આનંદ થાય તેવો તે છે તેથી તેને अद्भुत માર્ગ કહ્યો છે. સાધન સ્વલ્પ અને ફલ સર્વથી શ્રેષ્ઠ તેથી આશ્ચર્ય કરનાર

**ननु मार्गप्राकट्ये कृतेपि फलसंशयालोरप्रवृत्तिरित्यत आहुः श्रीमद्गोकुलनाथसंगमसुधासंप्रापकमिति श्रीमतो 'रमाक्रीडमभून्नृप' 'श्रयत इन्दिरा शश्वदत्र हि' इत्यादिवाक्यैः सदा लक्ष्मीसहितस्य। यद्वा। श्रीः शोभा अतिशयिता तद्वतः 'तद्विष्णोः परमं पदम्' इति श्रुतेः। अथवा। श्रीर्लक्ष्मीर्विद्यते यत्रेति बहुव्रीहिणा उत्तरपदार्थप्रधानेनेतरपदार्थगौणतासूचकेन श्रियो गुणभावेन गोकुलसमाश्रयणबोधनात् तादृशतद्वतस्तस्य नाथः पतिरखिलकृत्येषु**

માર્ગ છે. જો ફલમાં સંદેહવાલો હોય તો તેવા માર્ગમાં પણ કોઈ ન ચાલે એમ કોઇ કહે તો ત્યાં કહે છે કે શ્રીમદ્ગોકુલનાથની સુધાને આપનાર તે માર્ગ છે. रमाक्रीडमभून्नृप, श्रयत इन्दिरा ઇત્યાદિ વાક્યથી એ માર્ગ લક્ષ્મીવાલો છે. અથવા શ્રી એટલે શોભાવાલો તે માર્ગ છે તેથીજ तद्विष्णोः परमं पदम् એમ શ્રુતિ કહે છે. અથવા बहुव्रीहि સમાસ કરી ઉત્તર પદને પ્રાધાન્ય આપો તો જ્યાં લક્ષ્મી પણ ગૌણ છે એવો અર્થ થાય છે એવા ગોકુલના પતિ તે ગોકુલસ્થભક્તની લૌકિક ક્ષુધાનિવૃત્તિ વિગેરે ધર્મોનું પણ પોતે સંપાદન કરી આપે છે. તેને વિપ્રયોગ આપી તપાવે છે તે સંયોગમાં પોતાના ઐશ્વર્યથી તેને જીવાડે છે. દાવાગ્નિ વિષપાન ગોવર્ધનોદ્ધરણાદિવડે તેને બચાવે છે તે બધું ભક્તોએ પ્રત્યક્ષ અનુભવ્યું છે એ ભગવાનને મેળવી આપનાર માર્ગ તે માર્ગમાં ચાલનારને જે સર્વાભોગ્ય સુધાનું દાન પ્રભુ કરે છે ત્યારે સર્વ પ્રકારે તેની લીલાનો અનુભવ કરે છે. તેથી આ સૂર્ય લૌકિક સૂર્યથી વિલક્ષણ છે એમ સિદ્ધ થાય છે. એવો માર્ગ હોય છતાં

दैहिकधर्मक्षुधादिनिवृत्त्यर्थमपि मुहुरर्थनीयः स्वविप्रयोगतापोपतापकः स्वैश्वर्येण सर्वावस्थासु रक्षकः सर्वफलरूपः दावाग्निपानगोवर्धनोद्धरणादिषु तथा दृष्टत्वात् । तस्य यः संगमः सम्यकृतया स्वाधीनत्वेन प्राप्तिस्तत्र या सुधा सर्वाभोग्या तस्याः सम्यग् बाह्याभ्यन्तरभेदेन प्रापकं प्रकर्षेणापकं फलप्रापकमित्यर्थः। एतेन विलक्षणरवित्वमुक्तं भवति। तत्प्रकटितमार्गस्य फलाप्तिसाधनत्वमेतस्य फलरूपत्वं साक्षात्फलप्रापकत्वं चेति भावः। ननु मार्गप्राकट्येपि चलनाद्यायाससाध्यत्वात्फलस्यात्र को विशेषः इति चेत्तत्राहुः तत्क्षणादिति। एतेनास्य मार्गस्य सूक्ष्मत्वमपि उत्पथवदुक्तं भवति प्रवेशमात्रेण फलप्राप्तेः। नन्वेतादृशोत्कृष्टफलसाधकमार्गसत्त्वे कथं सर्वोपि न प्रवर्तते इत्या-

ચાલવાને એટલો શ્રમ કરે ત્યારે સુધા મળે તેમાં વિશેષ શું એમ કોઈ કહે તો તેના ઉત્તરમાં કહેવાનું કે માર્ગમાં દાખલ થયો કે ફલ મળે છે તેને બીજો શ્રમ કરવાની જરૂર નથી. ત્યારે તો બધા એ માર્ગમાંજ ચાલે એમ કેમ જોવામાં આવતું નથી એ શંકાના ઉત્તરમાં કહે છે કે તે દુષ્પ્રાપ્ય છે. તે એવી જાતનો ભગવાનનો અનુગ્રહ જેના ઉપર થાય તેજ તે માર્ગમાં ચાલી શકે છે અનુગ્રહ વગર તે માર્ગમાં આવીજ શકાતું નથી. તે માર્ગ સ્વકૃતિસાધ્ય નથી ભગવદનુગ્રહૈકસાધ્ય છે. અથવા બીજાને પ્રાપ્ય નથી તે સ્વભક્તને કૃપાવડે સુલભ છે. તેવા ભક્તોની કૃપાવાળાને પણ તે પ્રાપ્ય છે. સર્વથા અપ્રાપ્ય નથી એવો અહિં ભાવ છે પણ ભગવાન કે ભક્ત તેની કૃપાથીજ

शङ्क्याहुः दुष्प्रापमिति। दुःखेन प्राप्तुं शक्यत इत्यर्थः। अस्य तादृशभगवदनुग्रहैकलभ्यत्वेनैतत्प्रवृत्तेः स्वकृत्यसाध्यत्वात्। यद्वा। अन्यैर्दुःप्रापं कष्टप्राप्यमित्यर्थः। तदीयानां तु तत्कृपया सुखसाध्यत्वेप्यन्येषां तदाश्रिताश्रयादिभिरपि प्राप्यं न त्वप्राप्यमिति भावः। यद्वा। अयं हि मार्गस्तापात्मकस्तस्य तद्दिदृक्षार्तिजन्यत्वेन दुःखप्राप्यत्वात् दुष्प्रापमित्युक्तम्। अथवा। दुःखेन प्रकर्षेणाप्तुं शक्यमिति तथाप्राप्तिर्दुःखेनैव मुखारविन्दभक्तेर्दुःखप्राप्यत्वात्। अत एव 'सिञ्चाङ्ग नस्त्वदधरामृतपूरकेण' इत्यादिवाक्यानि। यद्वा।

પ્રાપ્ય છે. અથવા મુખારવિંદભક્તિ સુખસાધ્ય નથી તેથી ભક્તને પણ તે માર્ગ દુઃપ્રાપ્ય છે. અથવા સેવારૂપ માર્ગ છે તે સેવા કરવામાં પણ સુખ છે પ્રભુ સુખસેવ્ય છે છતાં સ્વયં સૂર્યરૂપ હોવાથી તે તાપનું દાન કરે છે તેથી તાપક્લેશરૂપ ત્યાં દુઃખ છે તેથી દુઃપ્રાપ્યત્વ કહ્યું છે. એવો માર્ગ છે એમાં પ્રમાણ શું છે એમ કહે તો તે પ્રકટ છે એટલે પ્રત્યક્ષ પ્રમાણ તેમાં મળે છે. તે ગોપીઓ કૌણ્ડિન્યમુનિ વિગેરેનો અનુભવિત છે આજે પણ અનુગ્રહવાલા જીવો તેમાં પ્રવેશે છે. તેથી તે નવીન માર્ગ નથી પણ બહુ જૂનો છે. તમે શ્રીઆચાર્યને સૂર્ય કહ્યા પણ સૂર્યમાં રાગ જોવામાં આવે છે તેવો રાગ શ્રીઆચાર્યમાં ક્યાં છે તેના ઉત્તરમાં કહે છે કે શ્રીમદાચાર્યચરણમાં કરુણારૂપી રાગ છે. સ્વાર્થ વિના પરદુઃખને દૂર કરવું તેનું નામ દયા—કરૂણા એ સર્વના મનનું રંજન કરનાર હોઈ ને રાગ કહેવાય છે તે રાગ બધું છોડીને સ્વીયને દુઃખમુક્ત કરે છે ઈતરની ઉપેક્ષા કરે છે તેથી સર્વને મોહ

दुष्प्रापमिति भगवद्दिदृक्षाजनितक्लेशेनैव तत्प्राप्तं भवति इति दुःखप्राप्तिरेव तत्प्राप्तिः । तस्य तदात्मकत्वादिति भावः । यद्वा । दुष्प्रापं प्रकटं चकारेति समभिव्याहारात्प्रकटस्यापि स्वजनमात्रोपयोगित्वेन नान्येषां प्राप्तिरन्यदुरापत्वेनैव प्रकटनादिति भावः । अथवा । प्रकटं वर्त्म दुष्प्रापं चकार सेवारूपत्वेन सुखसेव्यत्वेपि[1] स्वस्य रविरूपत्वेन तापकत्वात् दुःखेन प्राप्यं चकारेत्यर्थः । ननु मार्गस्येदृशत्वे किं प्रमाणमित्याशङ्क्याहुः प्रकटमिति । प्रत्यक्षस्यैवात्र प्रमाणत्वमिति भावः । एतेन श्रीव्रजसीमन्तिनीकौण्डिन्यादिषु प्रसिद्धस्य विद्यमानस्य स्वप्रमेयबलेन स्वाङ्गीकृतजनतसंबन्धेच्छया प्रकटनं न नवीनरचनेत्युक्तं भवति । ननु मार्गप्राकट्येपि न रागवत्त्वमिति कथं सूर्यरूपत्वमित्याशङ्क्याहुः करुणारागातिसंमोहन इति । करुणा हि निरूपधिपरदुःखप्रहाणेच्छा सैव रागः सकलजनमनोनुरञ्जकत्वेन तया वा यो रागोनुरागः स्वीयविषयकस्तेन सम्यगन्यविषयत्याजनपूर्वकं स्वमात्रविषयतया सर्वान् मोहयतीति

કરનાર છે. તેથી પ્રસિદ્ધ સૂર્ય કરતાં આચાર્યરૂપ સૂર્યમાં વૈલક્ષણ્ય પણ છે સૂર્યમાં રાગ પ્રાતઃસાયં દેખાય છે ત્યારે આચાર્યચરણમાં રાગ સર્વદા છે. અથવા કરુણા એટલે કૃપા. કૃપાથી પોતાના જન ઉપર ભગદ્દવર્થ રાગ એટલે ઘરમાં પણ તેમના ભક્તોને ભગવદીયત્વેન રાગ

---

१ साध्यत्वेपि ।

तथा। एतेन प्रसिद्धरवेर्वैलक्षण्यमुक्तं भवति। सर्वदा राग-साहित्येनाखिलजनमनोमोहकत्वादिति भावः। यद्वा। करुणासहितो यो रागः स्नेहः स्वकीयविषयस्तेन सम्यगुत्तम-प्रकारेण मोहयतीति तथा, अथवा करुणया कृपया अर्थाद् दत्तो यः स्वीयेषु रागो भगवद्विषयकः। तेन सम्यग् गृहादि-ष्वपि भगवदर्थत्वेन मोहयतीत्यर्थः। 'त्वन्मायया‌त्मात्म-जदारगेहेष्वासक्तचित्तस्य न नाथ भूयात्' इत्यादिवाक्यै-स्तादृशमोहस्य प्रार्थनीयत्वादिति भावः। अत एवाति-करुण इति प्रभोः श्रीवल्लभाष्टके नाम। ननु लौकिकरवे-र्वेदात्मकत्वेन प्रसिद्धेः प्रकृते तदभावमाशङ्क्याहुः स इति। वागधिपतित्वेन प्रभोः प्रसिद्धतया तद्वाचो वेदरूपत्वेन तदात्मकत्वमिति भावः। ननु प्रसिद्धरवेर्दूरस्थस्यैव सर्व-कर्तृत्वमिति प्रकृते तदभावं वैलक्षण्यायाहुः श्रीवल्लभ-भानुरिति। श्रीवल्लभ इत्यनेन भुवि प्रकट उच्यते तथा च

હોય છે તેથી મોહ કરે છે. त्वन्माययात्मात्मजदेहगेहेष्वासक्तचित्तस्य न नाथ भूयात् ઇત્યાદિથી એવા મોહની ભગદીયો પ્રાર્થના કરે છે. તેથીજ अतिकरुण એવું શ્રીવલ્લભાષ્ટકમાં આપશ્રીનું નામ છે. લૌકિક રવિ તો વેદાત્મક છે એમ કહે ત્યાં કહેવાનું કે શ્રીઆચાર્યચરણ વાગ-ધિપતિ ત્વેન પ્રસિદ્ધ છે. તેમની વાણી વેદાત્મક છે. સૂર્ય તો દૂર રહીને સર્વ કરે છે ચાલતા પ્રસંગમાં તે સંભવતું નથી એમ કોઈ કહે તો તેને માટે કહે છે કે આ શ્રીવલ્લભભાનુ છે સર્વત્ર પ્રકટ થઇને ફલ

सर्वत्र प्रकटीभूय सर्वफलदातृत्वात्तद्विलक्षणो भुवि भानु-रिति सिद्धम् । अत एव 'भूमिभाग्यम्' इति मन्नाथस्य सर्वोत्तमे नाम । एतेन भगवच्चक्षूरूपत्वमुक्तम् । तथा च यथा भगवच्चक्षुषैव तत्संबन्धि सर्वप्रकाशो 'दिव्यं ददामि ते चक्षुः' इतिवाक्यात् तथाचार्यैरेव कृपयाविर्भावितचक्षू-रूपैतत्संबन्धि सर्वविषयकज्ञानमिति भावः। नन्वन्त भंग-वत्स्थित्यभावे कथं सूर्यत्वमित्याशङ्क्याहुः श्रीवल्लवीशान्तर इति । श्रीसहिता या वल्लव्यो व्रजस्त्रियस्तासामीशः तन्मात्रप्रकटनीयैश्वर्यवान् । स आन्तरो हृदयमध्यस्थो यस्येत्यर्थः। वल्लवीशपदेन तल्लीलानुशयसूचकेन नारायण-भिन्नत्वं लीलासहितस्थित्या वैलक्षण्यमप्युक्तम् । अथ वा

આપે છે તે પ્રસિદ્ધ સૂર્યથી તેમાં વૈલક્ષણ્ય છે તેથી એ પૃથ્વીના સૂર્ય છે આકાશનો સૂર્ય જૂદો છે. તેથી भूमिभाग्यं એવું सर्वोत्तमस्तोत्रમાં આપશ્રીનું નામ છે. તેથી ભગવાનના નેત્રરૂપપણું કહ્યું છે. તેથી ભગવાનના નેત્રથીજ સર્વ પ્રકાશનું ગીતામાં કહ્યું છે તેમ તે ભગવા-નના નેત્રરૂપ સૂર્યરૂપે આચાર્ય પ્રકટ્યા અને સર્વ પ્રકાશ કર્યો છે એમ સમજવાનું છે. અહિં આચાર્યચરણ પ્રકટ્યા પણ તેમાં ભગવાન નજ વિરાજતા હોય તો તે પ્રકાશ કેમ કરી શકે એવી શંકાના સમાધાનમાં કહે છે કે श्रीवल्लवीशान्तर શ્રીગોપીપતિ જેના હૃદય કમળમાં વિરાજે છે તે ગોપીપતિ છે એટલે તેમની ઈચ્છાપ્રમાણે સ્વૈશ્વર્ય પ્રકટ કરે છે. વલ્લવીશ કહ્યા તેથી તેની લીલાનું શયન બતાવ્યું તેથી સૂર્યમાં જેમ નારાયણ છે તેમ અહિં ભગવાન શ્રીઆચાર્ય

वल्लवीशपदेन भावात्मकप्रभुरुच्यते । तथा च नारं जीवसमूहस्तदयनं स्थानं यस्येति व्युत्पत्त्या भावात्मकत्वेन भक्तहृदयदेश एव स्थितेस्तथात्वस्यात्रापि संभवात् । तथा च यथा सूर्यमण्डलान्तर्वर्तिनो नारायणस्य क्षणमपि तद्विहाय स्थित्यभावस्तत्प्राकट्य एव प्राकट्यं सूर्यनारायण इति तन्नामपूर्वकमेव स्वव्यपदेशः स्वाधारैक्यं तथात्रापीति भावः । यद्वा । नन्वेवं मण्डलसादृश्येन नाधिदैविकत्वमायातीत्यरुच्यार्थान्तरमाहुः वल्लवीनां तदीशस्य चान्तरो मुखारविन्दभक्तिरूपत्वेन सर्वान्तर्विद्यमानत्वात् । तथा च

ચરણના હૃદયમાં લીલા સહિત સ્થિતિ કરે છે. તેથી પણ પ્રસિદ્ધ સૂર્યથી વૈલક્ષણ્ય છે. અથવા वल्लवीश પદથી ભાવાત્મક પ્રભુ સમજવા. નારાયણ એટલે નાર—જીવસમૂહ તેનું અયન એટલે સ્થાન તે નારાયણ એવી વ્યુત્પત્તિ કરીએ તો બધા જીવમાં રહેનાર નારાયણ કહેવાય. તે ભક્તના હૃદયમાં રહે છે તેમ શ્રીઆચાર્યચરણના હૃદયમાં પણ वल्लवीश છે. તે ક્ષણ પણ શ્રીઆચાર્યચરણના હૃદયને છોડતા નથી. જેમ સહચારથી સૂર્ય નારાયણ કહેવાય છે તેમ અહિં પણ વલ્લવીશ વલ્લભનો નિત્ય સંયોગ જાણવો. અથવા એમ કહેવાથી તો તે આધિદૈવિક કહેવાય અને આ આધિભૌતિક થાય. તેથી એ અર્થમાં અરુચિ થતાં બીજો અર્થ કરે છે કે ગોપીજનો અને તેના પતિ શ્રીકૃષ્ણ એ બન્નેના હૃદયમાં વિરાજનાર શ્રીઆચાર્યચરણ છે. તે મુખારવિંદ ભક્તિવડે બન્નેમાં વિદ્યમાન છે. તેથી ભક્ત સહિત ભગવાનમાં રહેનાર હોઇને તે આધિદૈવિકરૂપ છે. અથવા ગોપી-

भक्तसहितप्रभुमण्डलमध्यवर्तित्वेनाधिदैविकत्वमप्युक्तम्। अथ वा वल्लवीशपदेन तासामिव भावरूपस्तदर्थमेव कोटिकन्दर्पाधिकलावण्यं प्रकटीकृत्य प्रकटः कृष्ण उच्यते तस्यान्तरो मध्यस्थः मुखारविन्दभक्तिरूपत्वेन भक्तानां भगवतश्चान्योन्यप्राप्तिसाधनत्वात्। तथा च मण्डलरूपोभयमध्यप्रकट एवैतस्मिन्नुभयोरखिलजनस्वस्वरूपसंबन्धिपदार्थजातप्रकाशकतेति भावः ॥ ३ ॥

एवं वीर्यं निरूप्य यशो निरूपयन्तः सर्वाधिकासाधारणनिखिलगुणवत्त्वेन तद्वत्त्वमिति परिशेषेणाखिलगुणाश्रयत्वमाहुः क्वचिदिति

જનોના ભાવરૂપ હોવાથી શ્રીકૃષ્ણ કોટિકંદર્પ લાવણ્યરૂપે પ્રકટ થયા છે તેના અંતરમાં વિરાજી મુખારવિંદભક્તિરૂપે બન્નેનો મેળ સાધે છે તેથી મંડલની મધ્યમાં રહી બધાના હિતની વસ્તુ ઉપર પ્રકાશ પાડનાર શ્રીવલ્લભ છે.[3]

એમ વીર્યનું નિરૂપણ કરીને યશોનિરૂપણ કરતા શ્રીગુસાંઇજી શ્રીમહાપ્રભુજીમાં સમગ્ર અસાધારણ ગુણો છે એમ બતાવે છે.

[1]क्वचित् पाण्डित्यं चेन्न निगमगतिः सापि यदि न
क्रिया सा सापि स्याद्यदि न हरिमार्गे परिचयः।
यदि स्यात् सोपि श्रीव्रजपतिरतिर्नेति निखिलै-
र्गुणैरन्यः को वा विलसति विना वल्लभवरम् ॥४॥

---

१ अत्र श्लोकक्रमष्टीकयानुकूलोस्ति। पूर्वमुद्रितटीकायां भिन्नः क्रमः प्राचीनहस्तलिखितोऽयं क्रमो दृग्गोचरो भवति।

**શ્લોકાર્થ**—કોઈમાં પાંડિત્ય હોય પણ તેને વેદનું જ્ઞાન ન હોય. તે બન્ને જાણનાર પણ કોઈ હોય છતાં તેમાં કહેલી વૈદિક ક્રિયા તેમાં ન હોય. તે બધું કવચિત્ કોઈમાં હોઈ શકે તો તે કર્મ જડ હોઇને ભગવન્માર્ગથી અપરિચિત રહી જાય. ક્યાંક વેદશાસ્ત્રને જાણીને ક્રિયા કરતાં છતાં ભગવન્માર્ગમાં પરિચયવાળો મલી શકે તો તેને વ્રજ-પતિમાં પ્રેમ ન હોય. એટલે બધા ગુણો એકત્ર જોવા જઇએ તો શ્રીવલ્લભવર વગર બીજો કોઈ એવો મલીજ ન શકે એટલે વેદશાસ્ત્રને સારી રીતે જાણી તદુક્ત યજ્ઞયાગાદિ કરી ભગવાન્માર્ગના મર્મને સમજી વ્રજાધીશમાં અલૌકિક પ્રેમ કરી બીજાને એ માર્ગે ચલાવનાર તો ભૂતળ ઉપર એક વલ્લભાધીશજ છે.[૪]

**क्वचिदाधारविशेषे । तेन बहवो व्यावर्तिताः । पाण्डित्यं पण्डा बुद्धिर्यस्य सा वा संजाता यस्येति व्युत्पत्तिभ्यामागन्तुकानागन्तुकबुद्धिमान् हि पण्डितः तस्य भावस्तत्त्वम् । पाठशास्त्रेतरबुद्धिमूलकशास्त्रविषयकबुद्धिमत्त्वं न्यायादि-**

**ટીકાર્થ**—क्वचित् કહ્યું તેથી શાસ્ત્રીય પાંડિત્ય પણ બહુ થોડામાં હોય છે એટલે ઘણા તો શાસ્ત્રની ગંધ પણ જાણતા નથી. પંડા એવું બુદ્ધિનું નામ છે. તેવી બુદ્ધિ જેની હોય તે પંડિત કહેવાય. કેટલાકમાં સહજ બુદ્ધિ હોય અને કેટલાક અભ્યાસથી બુદ્ધિને કેલવે છે તે બન્ને પંડિત ગણાય છે. એટલે ન્યાયશાસ્ત્રવિગેરે જાણે છે પણ તેની વેદ જાણવાની ઇચ્છા ન હોય. જાણે તો પણ બુદ્ધિના સંસ્કારથી તેના ખરા અર્થ સુધી તે પહોંચે નહિં એટલે વેદને યથાર્થ જાણે એવું પાંડિત્ય

शास्त्रज्ञत्वमिति यावत्। तच्चेत्कदापि स्यात् तथापि नितरां ब्रह्म गमयतीति निगमो वेदस्तस्य गतिः प्राप्तिरध्ययनं ज्ञानं च नास्तीत्यर्थः । तथा च निगमगतिविशिष्टपाण्डित्याभाव इति भावः। एवमग्रेपि स्वयमूह्यम्। चेदितिपदेन तस्यापि तथाभूतस्याभावो यद्यपि तथापि तार्किता तदुक्तिरिति ज्ञेयम्। यद्वा । निगमस्य वेदस्य गतिरिव गतिर्नास्तीत्यर्थः। तथा वेदस्य गतिर्ब्रह्ममात्रविषया नेह तथा। तद्विरुद्धन्यायादिशास्त्रविचारकत्वादिति भावः । अथवा निगमे वेदे गतिर्गमनं नास्तीत्यर्थः । पतिते शास्त्रविचारे युक्तिमनन्यां हि मृगयन्ति न तु श्रुतिमिति ते बाह्या न पण्डितैः पण्डिता ज्ञेया इति भावः। अत एव चेदित्युक्तम्। ननु दृश्यत एव विद्वत्सु वेदवेदान्तादिविचारादि कथं

ઘણામાં હોતું નથી. અથવા વેદનું તાત્પર્ય જેમાં છે તે વસ્તુને તે જાણતા નથી પણ તર્કના બળથી પોતાના મનમાં આવે તેવો તે અર્થ કરે છે. વેદનું તાત્પર્ય બ્રહ્મસ્વરૂપમાં છે તેવો અર્થ તે કરી શકતા નથી. અથવા વેદને જાણતાજ નથી. વેદનો અર્થ કરવામાં ન્યાયશાસ્ત્રની યુક્તિઓનો ઉપયોગ કરે તેને લોકોએ વેદબાહ્ય સમજવા. તે પંડિતશબ્દથી વ્યવહાર્ય નજ થઈ શકે. તેથીજ ચેત્ પદ કહ્યું છે. કોઈ કહે કે વિદ્વાનોમાં વેદવેદાન્તનો વિચાર કરનાર ઘણા છે તો કેમ કહેવાય કે વેદાદિનો ખરો અર્થ કરનાર નથી? ત્યાં કહેવાનું કે અમારો તો એ નિશ્ચય છે છતાં તમે એવો આગ્રહ રાખો તો અમે

निषेध इत्याशङ्क्याहुः सापि यदीति। वस्तुतोऽन्यथैव वेद-वेदान्तार्थनिरूपणात् नास्त्येव। तुष्यतु दुर्जन इति न्यायेन यद्यङ्गीक्रियेत तथापि सा वेदोदिताचरणरूपा क्रिया सत्यामपि निगमगतौ नास्तीत्यर्थः। ननु सन्त्येव श्रुतितोऽखिलकर्म कुर्वाणा बहव इति कथं निषेध इत्यत आहुः सापि स्याद्यदीति। वस्तुतोऽयथाज्ञानतः कर्मकरणान्नास्त्येव तथापि कदाचिद्भगवच्छास्त्रश्रवणेन 'ब्रह्मार्पणम्' इत्यादिवाक्यैः ब्रह्मात्मावगतिर्भवतीति स्याद्यदीत्युक्तम्। वस्तुतो न भवत्येव, तेषां भगवच्छास्त्रेऽप्रवृत्तेः 'विमुखा हरिमेधसः कथायां कथनीयोरुविक्रमस्य मधुद्विषः' इति-

ઘડીભર એમ માની લઇએ તો પણ વેદને જાણે છતાં તેમાં કહેલા ધર્મોને આચારમાં ઉતારનાર તો બહુજ વિરલ હોય છે. લૌકિક કાર્યમાં દક્ષ હોય વેદનો ક્રિયાકાંડ જાણતા હોય, છતાં તે ક્રિયા ન કરતાં લૌકિક વ્યવહારમાં રચ્યા, પચ્યા રહે છે. કોઈ કહે કે શ્રુત્યુક્ત કર્મ કરનાર પણ લોકમાં ઘણા જોવામાં આવે છે તો પછી કોઈ વૈદિક કર્મ નથી કરતા એમ કેમ કહેવાય? એના ઉત્તરમાં કહેવાનું કે જે તમને વૈદિક ક્રિયા કરનાર મળે છે તે તેના વિધિને જાણીને કરનાર નથી એટલે તેને વૈદિક ફલ થતું નથી. તથાપિ કોઈ સમજીને કરનાર પણ હોઈ શકે. અને તે બ્રહ્માર્પણ બુદ્ધિથી વેદમર્યાદાને જાળવીને કરે તેથી સ્યાત્ એમ કહ્યું છે તો તેવા કર્મનિષ્ઠોને ભગવાનમાં નિષ્ઠા હોતી નથી. તેથીજ શ્રીભાગવતમાં કહ્યું છે કે विमुखा हरिमेधसः कथायां कथनीयोरुविक्रमस्य मधुद्विषः। કદાચ એવા હોય તો પણ

वाक्यात् । अथ कदाचित्तत्सत्त्वेपि 'धर्मः सत्यदयोपेतः' 'धर्मः स्वनुष्ठितः पुंसाम्' 'नैष्कर्म्यम्' इत्यादिवाक्यात् यदभावे तद्वैफल्यं तदभावमाहुः न हरिमार्गे परिचय इति । हरेः सर्वप्रकारेण सर्वदुःखहर्तुर्मार्गे तत्प्राप्तिसाधनतयान्वेषणीये परिचयः सामान्यज्ञानमपि नेत्यर्थः । ननु पूजादिमार्गप्रविष्टा बहव एव सन्ति इति कथं तथेत्याशङ्क्याहुः यदि स्यात्सोपीति । यद्यपि न तस्य हरिमार्गत्वं हरिपदस्य साधनाभावविशिष्टस्वमात्ररक्षणीयगजेन्द्रसदृशपुरुषविशेषार्थप्रादुर्भाववत्पुरुषोत्तमवाचकत्वात् । तथापि तद्विभूतिरूपस्य परंपरया तद्रूपत्वमादाय स्यात्सोपीत्युक्तम् । वस्तुतस्तु नास्त्येव पूज्यस्य विभूतित्वेनाज्ञानात् 'योन्यथामन्तम्' इत्यादिवाक्यैर्दोषश्रवणाच्च । ननु तथापि 'यथाद्रि-

'धर्मः सत्यदयोपेतो' 'धर्मः स्वनुष्ठितः' 'नैष्कर्म्यमप्यच्युतभाव'— ઈત્યાદિ વાક્યોથી તે કરેલા ધર્મોને ભગવદર્પણ ન કરવાથી તે કર્મનું ફલ તેને મળતું નથી. તેથી તેનું કર્તવ્ય વ્યર્થ છે. તેજ કહે છે કે न हरिमार्गे परिचयः સર્વ પ્રકારે ભક્તના સર્વ દુઃખને હરનાર હરિનો તેને પરિચય હોતો નથી. સામાન્ય ભગવાનનું જ્ઞાન પણ તેને હોતું નથી. ત્યાં કહે છે કે પૂજાદિ માર્ગમાં ઘણા પંડિતો જાણકાર હોય છે તો કેમ કહેવાય કે ભગવાનને સામાન્ય રીતે તે જાણતા નથી? ત્યાં કહે છે કે यदि स्यात् सोपीति તે પૂજામાર્ગ હરિમાર્ગ ન કહેવાય. કેમકે તેતો તેની વિભૂતિ છે. તેની પૂજા સેવા ન કહેવાય. એમ કહેવું તે એકને બદલે બીજું કહેવા જેવું થાય. તેમ કહેનાર પાપી ગણાય છે. ત્યાં કહે

प्रभवा नद्यः' इत्यादिवाक्यात् परंपरया पुरुषोत्तमप्राप्ते-रेव फलत्वेन तन्मार्गत्वमेवेत्यत आहुः श्रीव्रजपतिरतिर्नैति 'श्रयत इन्दिरा' इतिवाक्यात् श्रीयुक्तो यो व्रजः यत्रैव भक्तहृदयादौ भगवद्गतिस्तत्र गमनशीलः सर्वथा निःसा-धनस्तस्य पतिः सर्वथा सर्वभावेभ्यो रक्षकः तत्र कदाचि-त्पूजासत्त्वेपि रतिः प्रीतिर्नैत्यर्थः । यद्वा । रती रमणं तेना-न्यत्र कदाचित् प्रीतिसंभवेपि तथा फलानुभवाभाव इति भावः । इतीति हेतौ । तथा च यतो हेतोः पूर्वोक्तरीत्या सर्वत्र विशिष्टाभावोऽतो हेतोः निखिलैरेतैरुक्तैरनुक्तैश्च गुणैरन्य एतद्भिन्नः को वा विलसतीत्यर्थः । एतदीयस्य तु कदाचित्कृपया कार्यार्थं भगवद्गुणप्राकट्यात् व्यासादेरि-वैतद्गुणप्राकट्यात् तच्छोभावत्त्वं न त्वन्यस्येति भावः । को वेति न दृष्टः श्रुत इति भावः । यद्वा । कश्चतुर्मुखोप्ये-तैर्गुणैर्विलसति? इति काकूक्तिः । ननु कदाचिद्गुणैः स्वस्वरूपं ख्यापयन्त्यन्येपीत्यत आहुः गुणैर्विलसतीति । स्वगुणै-

છે કે જેમ બધી નદીઓ સમુદ્રને મળે છે તેમ પરંપરાથી વિભૂતિનું પૂજન પણ ભગવાનમાં પર્યવસન્ન થશે. એમાં શું દોષ છે એમ કહેતો તેના ઉત્તરમાં કહે છે કે व्रजपतिरतिरिति જે ભક્તના હૃદયમાં ભગ-વત્પ્રીતિ હોય તે હૃદય પણ વ્રજ કહેવાય. વ્રજ એવું ચાલવાનું નામ છે. જે હૃદયમાં ભગવાન પહોંચે તે વ્રજ કહેવાય. એ વ્રજ નિઃસાધન છે. પોતે કરેલા સાધનોથી પુરુષોત્તમ તાબે થતા નથી પણ પ્રીતિથી વશ થાય છે એથીજ નિઃસાધનના પ્રભુ પતિ કહેવાય છે. તેથીજ

**भक्तानां हृदि तिष्ठन् विविधभावानुत्पादयन् स्वविरहतीव्रवेदनातो निवर्त्य स्वस्वरूपस्थितिं संपादयन् कदाचित्स्वगुणविलीनान् कुर्वन् कः क्रीडतीत्यर्थः । यद्वा । गुणैः सह विलसतीति । अन्येषां गुणैरेव शोभा न तदभावेऽत्र तु तेषामप्येतत्साहित्येन स्वतन्त्रशोभाधारकत्वमिति भावः ।**
વ્રજમાં ભગવાને સર્વ પ્રકારે ભક્તની રક્ષા કરી છે. તે બધાનું કારણ પ્રીતિ છે તેથી પ્રથમ કહ્યું તે પૂજામાં પ્રીતિ નથી. અથવા રતિ એટલે રમણ તેથી બીજે ક્યાંય ગતિ હોય છતાં ભગવાન સાથે રમણનો સંભવ તો નજ હોય. તેથી વ્રજસ્થને ફલ તેવું બીજાને ફલ નજ મળે તેવું આચાર્યચરણનું પણ સમજવું. તેથીજ ભગવાનમાં પ્રેમ અને ભગવાન સાથે રમવાનું એ તો બીજામાં સંભવેજ નહિ. તેથી ઉપર ગણાવેલા અને ન ગણાવેલા બધા ગુણોવડે તો શ્રીવલ્લભાચાર્યજ વિલસે છે. એમનો કોઈ થાય તો તેની કૃપાવડે વ્યાસજીની જેમ તેના હૃદયમાં ભગવદ્‌ગુણ પ્રકટે તો તે ગુણવડે તેની શોભા દેખાય પણ તેની કૃપા ન હોય તે તો તેનું નામ પણ લઈ ન શકે અને તે શોભે પણ નહિ. એવો ભાવ અત્રે સમજવો. અથવા આવા ગુણો બ્રહ્માજીમાં પણ છે? અર્થાત્ બ્રહ્મામાં ન મળે તો બ્રહ્મકૃત સૃષ્ટિમાં એ ગુણો ક્યાંથી આવે? નજ આવી શકે એથી પુષ્ટિસૃષ્ટિજ બ્રહ્માની સૃષ્ટિથી જૂદી છે. તેમાં તો ભગવાન પોતાની લીલા જેનાવડે જેમ સિદ્ધ થાય તેવા ગુણો તેમાં પ્રકટ કરી લીલા સિદ્ધ કરે છે. તે વાત પુષ્ટિપ્રવાહમર્યાદા વિગેરેમાં સ્પષ્ટ છે. भिन्नैव काचित्सा सृष्टिर्विधातृव्यतिरेकिणी ઈત્યાદિથી પુરાણો પણ તે વાતને ટેકો આપે છે. કેટલાક ગુણોને લઇને પોતે

**यद्वा । गुणैरेव विलसतीति निर्दोषत्वं पूर्णगुणत्वं चोक्तम् । यद्वा । गुणैरित्यत्र सहार्थकाप्रधानतृतीयया स्वरूपापेक्षया गुणशोभाया इह अप्राधान्यमुक्तम् । तथा च तद्द्वारा स्वरूपस्य सकलहृदयंगमत्वात्स्वरूपोपयोगित्वं दूतवदिति तथेति भावः । अत एव 'स्वयशोगानसंहृष्टहृदयाम्भोजविष्टरः' इति मत्स्वामिनः सर्वोत्तमे नाम । अथ वा गुणैः सह विलसतीति गुणानां नित्यस्वरूपसाहित्यात् तद्वदेव गुणानामपि नित्यत्वमभिन्नत्वं चेत्यर्थः। ननु तत्रापि सर्वगुणसत्त्वे किं प्रमाणमित्याशङ्क्याहुः विना वल्लभवरमिति।**

પ્રસિદ્ધિ મેળવે છે એમ કહો તો ત્યાં કહે છે કે ગુણોવડે પોતાના હૃદયમાં દાખલ થઈ તે હૃદયમાં અનેક ભાવોને પ્રકટ કરી ભગવાનના વિરહની તીવ્ર વેદનાને શાંત કરી તેને સ્વરૂપમાં સ્થિતિ કરાવી પોતાના ગુણોમાં એકત્ર કરીને ક્રીડા કરનાર વલ્લભ શિવાય બીજો કોણ છે? કોઈ એવો થયો નથી એજ તેનું ઉત્તર છે. અથવા બીજાઓ તો ગુણોવડે શોભાવાળા છે જ્યારે વલ્લભાચાર્યનું તો સ્વરૂપ એવું છે કે તે ગુણોને પણ શોભાવે છે. અથવા ગુણોથી વિલસે છે એટલે તે દોષ રહિત અને ગુણોથી પૂર્ણ છે. અથવા સહાર્થક તૃતીયા લઇએ તો ગુણો આહિં અપ્રધાન છે અને સ્વરૂપનું પ્રાધાન્ય છે તેથી તે ગુણો તો સ્વરૂપમાં દૂતની પેઠે સેવા કરનાર છે એવો પણ એ પદોમાંથી ભાવ નીકળે છે. તેથીજ स्वयशोगानसंहृष्टहृदयाम्भोजविष्टरः એવું અમારા સ્વામિનું સર્વોત્તમ સ્તોત્રમાં નામ છે. અથવા ગુણની સાથે વિલસે છે એમ કહેવાથી સ્વરૂપ જેમ નિત્ય છે તેમ શ્રીઆચાર્ય-

वल्लभेषु भगवत्प्रियेष्वपि वरः श्रेष्ठस्तथाच निर्दोषपूर्णगुणस्य प्रभोरतिप्रियत्वे सर्वसाहित्यमुचितमिति भावः। यद्वा। वल्लभवरमिति । वरत्वेन गुणानां भार्यारूपत्वान्नान्यगामित्वमित्यर्थः। यद्वा। वरणीय इत्यर्थः। यथा लोकेष्वखिलेषु सत्स्वपि कन्या वरणीयमेव वृणुते। तथा गुणैरप्यनन्यगतिभिरयमेव वृत इति भावः॥ ४ ॥

एवं यशो निरूप्य श्रियं निरूपयन्तो ज्ञानेन स्वरूपेण क्रियया च सेति सर्वोत्कृष्टश्रीमत्त्वाय त्रिविधामपि श्रियं निरूपयन्तः प्रथमं विशेषणद्वयेन ज्ञानरूपां श्रियं निरूपयन्ति मायावादीति ॥

ચરણના ગુણો પણ નિત્ય છે એવો ભાવ છે. ત્યાં કહે કે શ્રીવલ્લભમાં એવો ગુણ છે એમાં પ્રમાણ શું છે? તો ત્યાં કહેવાનું કે તે શ્રીવલ્લભવર છે. શ્રીઠાકોરજીના પ્રીતિપાત્રોમાં તે શ્રેષ્ઠ છે એટલે તેજ પ્રમાણ અન્યથા બધામાં શ્રેષ્ઠ થવું તેવો ગુણ ન હોય તો શ્રેષ્ઠ થવાય નહિં. જેમ સ્ત્રી વરને ન છોડી શકે તેમ ગુણો શ્રીવલ્લભ વર હોવાથી તેને છોડી અન્યત્ર જઈ શકતા નથી. અથવા જાનમાં ઘણા આવ્યા હોય પણ કન્યા તો વરને વરે છે તેમ ગુણો શ્રીવલ્લભને વર્યા છે.[૪]

એમ યશનું નિરૂપણ કર્યું. હવે શ્રીનું નિરૂપણ માયાવાદી એ શ્લોકથી કરે છે.

**मायावादिकरीन्द्रदर्पदलनेनास्येन्दुराजोद्गतः**
**श्रीमद्भागवताख्यदुर्लभसुधावर्षेण वेदोक्तिभिः ।**
**राधावल्लभसेवया तदुचितप्रेम्णोपदेशैरपि**
**श्रीमद्वल्लभनामधेयसदृशो भावी न भूतोऽस्त्यपि॥५॥**

**શ્લોકાર્થ**—માયાવાદીરૂપ મદોન્મત્ત ગજરાજના કુંભ સ્થલને ભેદનાર ભગવન્મુખારવિંદરૂપી ઇન્દુરાજ પ્રકટ થઈ વેદને અનુકૂલ એવી ભાગવતરૂપી સુધાને વર્ષાવી, રાધાવલ્લભની સેવા કરી, તેમને લાયક પ્રેમવડે ભક્તોને તેનો ઉપદેશ કરીને વલ્લભ નામને ધારણ કરનારો એવો આચાર્ય કોઈ બીજો પૂર્વે થયો નથી થશે નહિ અને છે પણ નહિ.[५]

**मायावादिन एव मत्ततया स्वपराद्यनुसंधानरहिता निमीलितदृशः श्रुतिपथाप्रेक्षकाः ज्ञानदुर्बलव्यामोहकाः करीन्द्राः करिषु नैयायिकादिषु श्रेष्ठास्तेषां यो भक्तिपथप्रतिपक्षकृतो दर्पस्तस्य दलनेन प्रतिपदतन्मतविदूषणात् विशीर्णकरणेनेत्यर्थः । दूष्ये माहात्म्यकथनं दूषकमाहात्म्याय । एतेन ज्ञानस्यासमन्तात्-व्यावर्तनेन तन्निराकरणरूपो गुण उक्तः । यद्वा । मायावादिषु ये करीन्द्रा मत्ता अतितामस-**

**ટીકાર્થ**—માયાવાદિઓને મદવાળા હાથી જેવા એટલા માટે કહ્યા છે તે પોતાના પરાયાનું અનુસંધાન રાખતા નથી આંખ વીંચીને ચાલે છે તેથી તે વેદના માર્ગને જોતા નથી. જ્ઞાનદુર્બલ લોકને વ્યામોહ કરે

**बुद्धयः साधुजनपीडकास्तेषां तैर्वा तत्साहाय्येन तदीयानां दर्पोऽस्थाप्यस्थापनरूपस्तद्दलनेन पटवच्छकलीकरणेनेत्यर्थः। सन्मतनिरूपणरूपं ज्ञानगुणमाहुः आस्येन्दुराजोद्गतश्रीमद्भागवताख्यदुर्लभसुधावर्षेणेति आचार्याणामास्यं श्रुतिसमूहैरासितुमुपवेशितुं योग्यं मुखं तदेवेन्दुराधिदैविकत्वात्परमैश्वर्यं प्राप्तोऽखिलसंसारतापनिवर्तके मायावादतमोपहमन्धकारेपि प्रकाशवान्। राजत्वात्पूर्णो निष्कलङ्कः सदैव राजमानोऽस्तमयसंभावनारहितः। तत उद्गतात्तन्मुखसंबन्धेनैवोत्कृष्टतया निर्गता ज्ञाता प्राप्ता वा या श्रीम-**

તેવા તે છે. તે નૈયાયિકોમાં શ્રેષ્ઠ હોવાથી તેને करींद्र કહ્યા છે. તેમને ભક્તિમાર્ગનો વિરોધ કરવાનો ગર્વ છે તેનું આચાર્યચરણ પ્રતિપદ ખંડન કરે છે એ તેના દર્પનું દલન છે. શત્રુનું માહાત્મ્ય વધારવું તે પોતાનું માહાત્મ્ય વધારવા જેવું છે. તેથી જ્ઞાનવડે તેનામાં અસત્પદાર્થ દૂર કર્યો તેથી તે દોષ ગુણ થઈ ગયો. માયાવાદીમાં કરીંદ્ર એટલે મદવાળા અત્યંત તામસબુદ્ધિવાળા, ભક્તોને દુઃખ દેનાર તેઓને તેના લોકો સહાય કરે તેથી તે ગર્વવાલા થાય છે. તેનું સ્વાસ્થ્ય ન રહેવા દેવું તે તેનું દલન સમજવું. તેથી સન્મતનું સ્થાપન કર્યું એ આચાર્યચરણમાં જ્ઞાન ગુણ કહ્યો. ભગવાનનું શ્રીમુખ શ્રુતિ ગણને બેસવાનું સ્થાન માટે તે आस्य કહેવાય. તેજ અધિદૈવિક ચંદ્રરૂપ છે. કેમકે જેમાંથી ઇન્દુ-શબ્દ બને છે તે इदि ધાતુ છે તેનો પરમ ઐશ્વર્ય એવો અર્થ છે. વળી ચંદ્ર તાપને દૂર કરનાર છે એ વાત પ્રસિદ્ધ છે. માયારૂપી અંધકારને દૂર કરી પ્રકાશ કરે છે. राजा કહ્યો તેથી પૂર્ણ છે ભગવાનના મુખરૂપી

त्सदैव लक्ष्मीसाहित्यवत् निगमकल्पतरुनिर्गलितफलरू-पत्वेनाष्टादशपुराणातिशयितशोभावद्वा यद्भगवतः सर्व-समर्थस्य तद्‌द्वारोद्धारकर्तुः संबन्धि चरित्रमाहात्म्यप्रतिपा-दकत्वेन भगवतो रूपान्तरं वा । सैवाख्याऽभिधानं यस्या एतादृशी या लोकवेदयोः कर्मज्ञानमार्गयोः भक्तिमार्ग-बहिर्भूतानां दुःखेन प्रयासेन सततदीयसेवया तद्‌द्वारा भगवतोङ्गीकरणेन लब्धुं प्राप्तुं शक्या वस्तुतोपि दुर्लभा दुःखेन भगवद्विषयकार्त्यैव नतु पुण्यादिभिस्तस्याः सदा-वर्षो वर्षणं तेन स्वजनसकलाङ्गसार्द्रतासंपादकेनेत्यर्थः । एतेनान्येषामपि सन्मतनिरूपणेन स्वज्ञानव्याप्त्या सार्द्रता-

ચંદ્ર છે એટલે નિષ્કલંક છે. કોઈ દિવસ તેનો અસ્ત નથી. તે મુખા-રવિંદથી નિકલેલ વાણી એ ભાગવતરૂપ દુર્લભ સુધા વેદરૂપ કલ્પવૃક્ષના પાકેલા ફલરૂપ હોવાથી ૧૮ પુરાણોથી પણ અત્યંત શોભાવાલી તે ભાગવતના સારનો ઉદ્ધાર કરવાથી પ્રાપ્ત થઈ તે અભક્તને દુર્લભ અને ભગવદ્‌ભક્તને ભગવત્કૃપાથી સુલભ. કર્મ જ્ઞાન અને મર્યાદા ભક્તિમાર્ગવાલાને દુર્લભ. કેવલ ભગવદાર્તિથી તે મળે. પુણ્યાદિથી અપ્રાપ્ય છે એ સુધાનો ભગવન્મુખારવિંદરૂપ આચાર્ય-ચરણે વર્ષાદ કર્યો તેનાથી સ્વજનના સર્વ અંગો આર્દ્ર થયાં. એટલે સન્માર્ગનું બીજો પણ નિરૂપણ કરતો હોય તો ભક્તનું હૃદય આર્દ્ર થાય તો પછી સાક્ષાત્પ્રભુના મુખારવિંદથી વર્ષણ થાય અને તેથી નિજ જન આર્દ્ર થાય તેમાં શું કહેવું એવો કૈમુતિકન્યાય અહિં કહ્યો છે. ભાગ-વતનું આચાર્યચરણ નિરૂપણ કરે પણ વેદનું નિરૂપણ ન કરે ત્યાં સુધી

संपादकस्य किं वक्तव्यं स्वस्य तथात्वमिति कैमुतिकन्यायः प्रदर्शितः । ननु श्रीभागवतनिरूपणेपि न ज्ञानोत्कर्षो वेदविज्ञानाभावे पौराणिकज्ञानस्य लोकेऽनादरणीयत्वादित्याशङ्क्याहुः वेदोक्तिभिरिति । वेदानां या उक्तयो वाक्यानि तैः सहेत्यर्थः । एतेन वेदार्थाविरोधेन प्रतिप्रसङ्गं तदुपन्यासपुरःसरं श्रीभागवतार्थनिरूपणमिति भावः। यद्वा । स्वस्य भगवन्मुखारविन्दरूपत्वेन वेदरूपा याः स्वोक्तयस्ताभिः सहेत्यर्थः। एतेन श्रीभागवतान्तर्गतव्याख्यानरूपाचार्योक्तानां वेदवन्मूर्धन्यप्रमाणत्वं सकलफलसाधनकत्वमेतद्विरोधिवक्तुर्वेदबाह्यत्वं नित्यत्वमलौकिकत्वं च सूचितं भवतीति भावः। एवं ज्ञानोत्कर्षश्रियमुक्त्वा स्वरूपोत्कर्षश्रियमाहुः राधावल्लभसेवयेति । राधाया भगवतः सिद्धिरूपाया यो वल्लभः अतिप्रियः सौन्दर्यादिगुणवान् तद्वशीकृतानामपि सौन्दर्यादिमत्त्वं

તેનો ઉત્કર્ષ ન કહેવાય એમ કોઈ કહે તો તેના ઉત્તરમાં કહેવાનું કે શ્રીઆચાર્યજીએ ભાગવતનું નિરૂપણ વેદના વાક્યો ટાંકીનેજ કરેલ છે એટલે વેદનો તેમાં લેશ માત્ર વિરોધ નથી. અથવા વેદ ભગવદ્વાણી છે તેજ ભગવાનનું મુખ શ્રીઆચાર્ય છે. તે બોલે તે પણ વેદરૂપ છે એથી એમ પણ કહેવામાં આવ્યું કે જેમ વેદ પ્રમાણમાં કોઈની અપેક્ષા કરતો નથી પણ સ્વતઃ પ્રમાણ છે તેવી આચાર્યની વાણી પણ પ્રમાણ મૂર્ધન્ય છે. બધા ફલને સિદ્ધ કરનાર છે, નિત્ય છે, અલૌકિક છે. આનો વિરોધ કરનાર બહિર્મુખ છે એમ પણ સમજવું. એમ જ્ઞાનની

सिद्धमिति तत्सेवायां तादृशेनैव भाव्यमिति तत्सेवया हेतुभूतया स्वरूपसौन्दर्यमेव निरूपितं भवति । अत एव 'दर्शनीयतिलकः' इति पद्ये पक्षिणामनेकविधरूपवतां रूपभेदविदामेव तद्रूपवशीकारेण सर्वत्यागपूर्वकं मौनमुद्रया समीपोपवेशनं वेणुनादश्रवणं चोच्यते। यद्वा। राधा वल्लभा यस्येत्यर्थः। सतीष्वपि लक्ष्म्यादिषु तत्सौन्दर्यादिवशीकृतस्य तन्मात्रनिष्ठप्रीतेः सेवायां तथाभूतेनैव भाव्यमिति भावः। ननु स्वरूपसौन्दर्ये सत्यपि भावसौन्दर्याभावे न्यूनतेत्याशङ्क्याहुः तदुचितप्रेम्णेति । तयोः राधावल्लभयोरुचितं फलरूपदास्योपयोगि यत् प्रेम तेनेत्यर्थः।

શોભા કહી હુવે સ્વરૂપની શોભા કહે છે કે તે રાધાવલ્લભ છે, સિદ્ધિરૂપ રાધાના પ્રિય છે. અત્યંત શોભાવાલાનો પ્રિય પણ અત્યંત સૌંદર્યવાળો હોય. તેથી दर्शनीयतिलक એ શ્લોકમાં સુંદરતાના પરીક્ષક પક્ષિઓ છે તે પણ ભગવાનને દર્શનીયમાં શ્રેષ્ઠ માની તેને વશ થાય છે મૌન રાખી નેત્ર વીંચી વેણુનાદનું શ્રવણ કરે છે. ત્યારે તેમાં સૌંદર્યની સીમા છે અથવા રાધા જેને અતિ પ્રિય છે એટલે લક્ષ્મી વિગેરે છે પણ રાધાના સૌંદર્યથી તેને વશ થયા છે તેવી રીતે પ્રભુસેવકે પણ પ્રભુના સૌંદર્યમાં મુગ્ધ થઈ તેથી કોઈ શ્રેષ્ઠ નથી એમ જાણી સેવા કરવી એમ સૂચવ્યું છે. સ્વરૂપ સુંદર હોય પણ ભાવ ન હોય તો તે કાંઈ કામનું નહિ એમ કોઈ કહે તેના ઉત્તરમાં કહેવાનું કે તેને લાયકનો પ્રેમ પણ છે. એ ફલરૂપ દાસ્યમાં ઉપયોગી પ્રેમ છે. તેનો પ્રેમ કેવો છે એમ પૂછે તો કહેવું કે ભગવાન્ રસરૂપ છે તેવાં

ननु किं तदुचितं प्रेमेति चेत् भगवान् हि 'रसो वै सः' इति श्रुतेः रसरूपः । ता अपि तदात्मकत्वेन तथाभूताः इति तदुभयमध्यस्थतोभयत्रापि वाक्यैरनुकूलतासंपादनरूप-भगवति तासु च समानं तदुचितं प्रेमेत्यर्थः । एवं स्वरूप-श्रियमुक्त्वा क्रियोत्कर्षश्रियमाहुः उपदेशैरिति । अध्ययना-दिक्रियापेक्षयोपदेशक्रियोत्कर्षस्य प्रसिद्धत्वादिति भावः । उपदेशैः करुणावत्त्वमपि द्योतितं तेन करुणाविशिष्टक्रि-यायाः उत्कर्षस्यानुक्तसिद्धत्वादिति भावः । बहुत्वमुपदेशेषु प्रभोरतिकरुणात्वद्योतनाय । यद्वा । उपदेशैरिति उप समीपे देशः परमफलस्यातिसर्जनं दानं येष्वेतादृशवाक्यैरि-

સ્વામિનીઓ પણ રસરૂપા છે તે બન્નેની મધ્યસ્થ તરીકે શ્રીઆચાર્ય વાક્યોવડે બન્નેનું હિત કરે છે. તેથી નાયકાનાયકનો સમાન પ્રેમ એ શ્રીઆચાર્યચરણનું સ્વરૂપ છે. એમ સ્વરૂપશોભા કહીને હવે ક્રિયાનો ઉત્કર્ષ કહે છે કે ભણાવવા કરતાં ઉપદેશ આપવો એ શ્રેષ્ઠ કાર્ય છે. ઉપદેશ આપે તેથી દયાલુતા પણ દેખાય છે. અથવા ઉપ એટલે સમીપમાં રહી દેશ એટલે આપવું. સમગ્ર ઉપદેશનો અર્થ એવો છે કે પોતે પાસે રહીને પરમ ફલનું દાન કરવું. એથી એમ બતાવ્યું કે બીજાઓ શિષ્યને ઉપદેશ કરે છે તે મંત્ર તેને સાધનરૂપ થાય છે તેવું અહિં નથી પણ અહિં તો ઉપદેશ આપે છે તેમાં પરમ ફલનું દાન કરે છે. દાન એટલે પોતાની સત્તા છોડી તે પદાર્થમાં બીજાની સત્તા સ્થાપવી. એથી તેવા શ્રીઆચાર્યચરણના ઉપદેશ લેનારને કાંઈ કર્તવ્ય ન કરતાં પણ પરમ ફલ સિદ્ધ છે. જીવતાં સુધી સેવા કરવાનો ઉપ-

त्यर्थः । एतेनान्यमन्त्रोपदेशवन्न साधनापेक्षया फलदायकत्वमेतदुपदेशानां किंतु स्वकथनसमयेपि फलोपहारकत्वेन फलोन्मुखत्वमित्युक्तं भवति। एवं च त्रिविधश्रिया श्रीमतो वल्लभ इति नामधेयं यस्य तस्य सदृशो न भावी, इदानीमेवैतत्प्राकट्यात्। न भूतः। अश्रुतत्वात्। नास्ति अदृष्टत्वादित्यर्थः। अपीति स्वस्मिन् तत्साम्ये सत्यपि स्वदैन्याविष्कृतये तदतिरिक्ते तादृशत्वसंभावनाभावद्योतनाय च। किंच नामधेय इत्यनेन क्व रूपसाम्यं नामसाम्यस्यापि दुर्लभत्वमिति ज्ञापितम्। यद्वा। श्रीमतां सेवायोग्यगुणैः शोभमानानां दासानां वल्लभ इत्यर्थः। तथाच तादृशैरेव कृतपुण्यपुञ्जैः सकलगुणसंपन्नैः तत्सेवा कर्तुं शक्येति क्व तत्साम्यसंभावनेति भावः ॥ ५ ॥

દેશ તો બીજા દુઃસંગમાં ન પડવા માટે, ભગવત્ કર્તવ્યપરાયણતા માટે છે. એમ આચાર્યચરણ સેવા, પ્રેમ અને ઉપદેશ એમ ત્રણ પ્રકારે શોભાયમાન છે તેથીજ તેનું વલ્લભ નામ છે. તેના જેવો કોઈ થવાનો પણ નથી, કોઈ થયો પણ નથી, થયો હોય એમ આજ સુધી સાંભળવામાં નથી. છે પણ નહિ; હોય તો દેખાવો જોઈએ. આ બધું કહેનાર શ્રીગુંસાઈજી છે તે શ્રીઆચાર્યચરણ જેવાજ છે પણ પોતાની દીનતા બતાવવા માટે કહે છે કે કોઈ છે પણ નહિ. તેથીજ તેની સંભાવનાનો અભાવ કહેનાર अपि શબ્દ કહ્યો છે તેના નામ જેવો કોઈ નથી તો તેના રૂપની હરીફાઈમાં તો કોણ ઉતરી શકે? અથવા સેવાની તો શી વાત? દાસોના આપ વલ્લભ છે. તેથી જેણે પૂર્વે પુણ્યપુંજ કર્યા હોય તેવાઓજ આચાર્યચરણની સેવા કરી શકે.

एवं श्रियं निरूप्य ज्ञानं निरूपयन्तो दुःखनिवर्तकं कालासंबन्धसंपादकं भगवत्प्रसादकृद्भक्तिसाधकमक्षरात्मकं तदिति तच्चरणे तथा गुणसाधकत्वमाहुः यदङ्घ्रीति ।

એમ શ્રીગુણનું નિરૂપણ કરી જ્ઞાનગુણ કહેતાં જ્ઞાન અક્ષરાત્મક છે. અક્ષર દુઃખ દૂર કરે છે. કાલનો સંબંધ મટાડે છે. ભગવત્પ્રસાદવાળી ભક્તિ સિદ્ધ કરે છે. તે અક્ષર આપના ચરણરૂપ પણ છે. તે ચરણમાં અક્ષરના ગુણને સાધનાર ધર્મને યદઙ્ઘ્રિ એ શ્લોકથી કહે છે.

यदङ्घ्रिनखमण्डलप्रसृतवारिपीयूषयुग्
वराङ्गहृदयैः कलिस्तृणमिवेह तुच्छीकृतः ।
व्रजाधिपतिरिन्दिराप्रभृतिमृग्यपादाम्बुजः
क्षणेन परितोषितस्तदनुगत्वमेवास्तु मे ॥ ६ ॥

શ્લોકાર્થ—જેના ચરણનખમંડલમાંથી નિકળેલ જલરૂપ અમૃત જે ભક્તના મસ્તક અને હૃદયને પ્રાપ્ત થયું છે તેવા ભક્તો તૃણની જેમ કલિયુગને તુચ્છકારે છે. લક્ષ્મી સરખાં જેના ચરણની શોધમાં છે એવા વ્રજાધિપતિને જેણે ક્ષણવારમાં સંતુષ્ટ કર્યા છે તે આચાર્યચરણનું અનુચરપણું મને પ્રાપ્ત થાઓ.[६]

यस्य प्रभोरङ्घ्र्योश्चरणयोर्नखानां मण्डलानि चक्रवालानि तेषु स्निग्धत्वेन स्थित्ययोग्यतया प्रसृतं बहुलीभूतं यद्वारि

ટીકાર્થ—જે આચાર્યચરણના ચરણનખોના મંડલો કોમલ સ્નિગ્ધ હોવાથી જલ તેની ઉપર ન રહેતાં નીચે પડે છે તે જલરૂપ ચરણા-

सकलजनाप्यायनयोग्यं जलं तदेव लौकिकदेहादिसंपादकतया पीयूषं तेन युक् युक्तं तच्चरणसंबन्धयोग्यतया वराङ्गं मस्तकं तच्चरणस्मरणयोग्यतया हृदि परान्तःकरण अयते गच्छतीति तथाभूतं हृदयं च येषामित्यर्थः । यद्वा । यस्याङ्घ्र्योश्चरणयोर्नखरूपा ये भक्तास्तेषां मण्डलं समूहस्तत्र प्रसृतं विस्तृतं यद्वारि पीयूषं विरलरसरूपकथामृतं तेन युञ्जि युक्तानि यानि वराङ्गानां सार्थकशरीराणां हृदयानि तैरित्यर्थः । तेन यत्संबन्धिकथामृतसंबन्धिहृदयैः कलितुच्छीकरणं तत्र साक्षात्संबन्धिनिखिलेन्द्रियैस्तथाकरणं

મૃત હૃદય અને મસ્તકને પુષ્ટ કરનાર હોવાથી અમૃત છે. વળી ચરણામૃતમાં રજ હોય તે અલૌકિક દેહઆપનાર હોવાથી પણ મૃત્યુને હરનાર છે તેનો મસ્તકને અને હૃદયને સ્પર્શ થયો છે એવા અથવા ચરણનખરૂપ ભક્તોના મંડલમાં ભગવાનની કથારૂપ અમૃતથી જેનાં ઉત્તમ અંગ સાર્થક થયાં છે એવા હૃદયવાલાએ કલિને તુચ્છ કર્યો છે કેમકે તેમનાં ઇન્દ્રિયો સાક્ષાત્પ્રભુના સંબંધમાં છે તેને કલિ શું કરી શકે? તેથી તેવાઓ કલિને તુચ્છ કરે એ વાત આશ્ચર્ય પામવા જેવી ન ગણાય. અથવા ભગવન્નખમંડલ, માનો ચંદ્રમંડલ તેમાંથી જલરૂપ અમૃત ઝરે છે તેનાથી જેના શ્રેષ્ઠ અંગો બન્યાં છે તેના હૃદયો કલિને તુચ્છ કરે એમાં કાંઈ આશ્ચર્ય ન ગણાય એવો પણ ભાવ છે. અથવા ભગવાનના ચરણાદિઅવયવનું ચિંતન કરનાર તે ચરણામૃતથી એવું સામર્થ્ય મેળવે છે કે તે કલિને કોઈ હિસાબમાં ગણતા નથી. અથવા ભગવાનના નખરૂપ ચંદ્રમંડલ લૌકિક ચંદ્રમંડલથી જૂદુંજ છે.

किं चित्रमिति भावः । यद्वा । नखानां विधुत्वं मण्डलत्वेन व्यज्यते । तथा च तेषां नखविधूनां मण्डलानि तेषु प्रसृतं वर्षणार्थतया द्रुतं यद्वारिपीयूषं जलरूपममृतं पानयोग्यं तद्युग्वराणि यान्यङ्गानि भगवदङ्गानि तेषामपि चिन्तकतया संबन्धि च हृदयं येषामित्यर्थः । तथा च भगवदवयवविचारकचेतसामप्येतच्चरणामृतसिक्तानामेव तथा सामर्थ्यमिति भावः । अथवा । यदङ्घ्रयोर्विद्यमानं यन्नखमण्डलमाकाशगतविधुमण्डलेतरन्नखमण्डलमेव तत्र प्रकर्षेण तदमृतापेक्षयाऽलौकिकदेहादिसंपादकत्वरूपेण प्रसृतं गतं प्राप्तं ज्ञातं वारिरूपं पीयूषं नेत्रपेयलावण्यामृतं तद्युग्वराङ्गानि येन तादृशमलौकिकशरीरसंपादनोन्मुखं हृदयं येषामित्यर्थः । तथा च पुष्टिहृदयैरप्याचार्यचरणामृतसंबन्धिभिरेव तथाकरणमन्येषां तु क्षणेन कलिदोषाभिभव इति भावः । यद्वा । यदङ्घ्रिनखविधूनां मण्डलं समुदायस्तत्र यद्वारि स्नानक्षालनसामयिकं तदेव विधुगतत्वेन पीयूषममृतं तद्युग्वराङ्गं

તેમાંથી નિકળેલ જલ અમૃતમાં ભગવદીય દેહસંપાદક ચરણરેણુ મળેલા હોય તેથી તે લેનારના ભગવત્સેવોપયોગી દેહ થાય છે. અથવા લાવણ્યામૃત નેત્રપેય હોવાથી તેનાથી જેના અંગો સિક્ત થયાં હોય તેના હૃદય પ્રભુની તરફ વળેલાં હોય તેવા પુષ્ટહૃદયભક્તો ભગવાનરૂપ આચાર્યચરણમાં પ્રવણ હોય તેજ કલિના દોષથી પરાભવ પામતા નથી એવો પણ ભાવ છે. અથવા જ્યારે નખ ચંદ્ર છે તો સ્નાન વખતે અથવા પાદપ્રક્ષાલન વખતે તે નખચંદ્રમાંથી જલ

येषां भक्तानां तेषु हृदयं चेतो येषां तैरपि कलिः कालः इह भूमावेवास्मिन्नेव जन्मनि साधनदशायां तुच्छीकृतोऽगणित इत्यर्थः। अन्येषामतिभयानकतयाऽतुच्छोपि तैरेव तथा कृतः इति। यद्वा। इह भूमावित्यर्थः। तथा च स्वसंबन्धिनामपि भूमिष्ठानां संबन्धमात्रतः कलिदोषानभिभवात् तथाकरणमिति भावः। अथवा। इह तुच्छीकृतः। परत्र तु 'मर्त्यो मृत्यु' 'नोऽनिमिषो लेढि हेतिः' इत्यादिवाक्यैस्तुच्छ एवेति भावः। ननु शूरैरिव हृदि प्रादुर्भवद्भयैरपि स्वशूरतारक्षणाय व्याघ्याद्यवगणनवत्कलिभीतैरेव स्वधर्मरक्षणायागणनमित्याशङ्क्याहुः तृणमिवेति तथाचैतच्चरणविमर्दनीयत्वेन कलेः क्व भयजनकत्वमिति भावः। दृष्टान्ते नपुंसकलिङ्गप्रयोगेण तद्दार्ष्टान्तिकेप्यकिंचित्करत्वं द्योतित-

નીકલે છે તે જેના મસ્તક ઉપર પડ્યું છે એવા આચાર્યચરણના ભક્તો પણ જેના હૃદયમાં બિરાજે તે પણ કલિયુગને ગણતા નથી એવો પણ એનો ભાવ છે. તે કલિકાળ બીજાઓને ભય કરે છે પણ દાસાનુદાસો તેને ગણતા પણ નથી. એટલે ભગવાન તેના સંબંધી ભક્તો અને તેના સંબંધિઓ પણ કલિને ન ગણે એ શ્રીઆચાર્યચરણનું માહાત્મ્ય કેટલું તે ભક્તે વિચારવા જેવું છે. જેમ લડવૈયો કહેવાતો હોય તેની પાસે વાઘણ આવી ચડી તો તે ભય તો પામે, પણ બહાદૂરી બતાવવા માટે, લોકમાં બીકણ ન ગણાવા માટે ત્યાં ઉભો રહી સામનો કરે તેમ ભક્તો કલિથી કલેશ પામતા હશે પણ ભક્ત થઈને ડરવું એ દેહાભિમાન ગણાય તે ભક્તને કલંકરૂપ ગણાય તેથી

मिति भावः । अनेन कालादिसंबन्धवारणत्वरूपज्ञानं प्रथमं कार्यमुक्तम् । भगवत्प्रपत्त्युपयोगिप्रसादसाधकत्वरूपमुत्तरकार्यमाहुः व्रजाधिपतिः क्षणेन परितोषितः इति। अनेनानिष्टनिवृत्तीष्टप्राप्तिरूपमपि ज्ञानकार्यमुक्तम् । व्रजस्य निःसाधनस्याधिपतिरधिकः पतिः तन्मात्रपतिरित्यर्थः । यद्वा । व्रजस्यैवाधिपतिः स्वीकृतैकपत्नीव्रतोऽनन्यगोकुलस्वामित्वादित्यर्थः । अथ वा । व्रजस्याधिर्मानसी व्यथा तत्रोद्धवादिप्रेषणेन पतिः रक्षकः । स क्षणेन सूक्ष्मकालेन परितः कायेन वाचान्तःकरणेन तोषितः प्रसादित इत्यर्थः । यद्वा ।

તે કલિને નહિ ગણતા હોય એમ કોઈ કહે ત્યાં કહે છે કે ભક્તો તો કલિને વાઘ જેવો નથી જોતા પણ તે તો તૃણવત્ તેને ગણે છે. ઘાસ જેમ પગે કચરાય તેમ તે કલિને પગનીચે કરીને ફરે છે. તેથી કાલનો સંબંધ જેના ભક્તને બાધક નથી એમ કાલનું પ્રથમ કાર્ય કહ્યું. હવે ભગવાનની કૃપા તે કાલમાં મેળવે છે એ કાલનું કાર્ય બીજું હવે કહે છે કે વ્રજાધિપતિને ક્ષણમાં પ્રસન્ન કરે છે. એ કહે છે કે व्रजाधिपतिः क्षणेन परितोषितः આથી અનિષ્ટ નિવૃત્તિ અને ઈષ્ટ પ્રાપ્તિ કર્યાં એ જાણવું એ જ્ઞાનનું કાર્ય છે. વ્રજ એ નિઃસાધન છે તેના રક્ષક એટલે અનન્ય સ્વામિ એકપત્નીવ્રતવાળા ભગવાન છે અથવા વ્રજના અધિપતિ ત્યાં ઉદ્ધવને મોકલી તપ્ત ભક્તોને શાંત કરનાર તે ભગવાનને શ્રીમદાચાર્યચરણ ક્ષણમાં પ્રસન્ન કરે છે. અથવા ક્ષણ એટલે ઉત્સવ. તેનાવડે પ્રસન્ન કર્યા. કર્માદિ માર્ગમાં ભગવાનને ગળે પડીને પ્રસન્ન કરે છે. કોઈ માથાં કાપીને પ્રસન્ન કરે છે, વૃક જેવા શરીરના

क्षणेन उत्सवेनेत्यर्थः । यद्वा । अन्यत्र कर्मादिमार्गेषु निर्ब-न्धेनैव प्रभुप्रसादात् । तदुक्तमाचार्यचरणैः 'सहनं खननम्' इत्यादिना निबन्धे । ननु किमिदमपूर्वं व्रजाधिपतिपरितोषणं यतः स परमकृपालुः पशुपक्ष्यादिभ्योपि प्रसीदतीत्याशङ्क्याहुः इन्दिराप्रभृतिमृग्यपादाम्बुज इति । इन्दिराश्रुत्यादिभिर्मृग्यं परामृश्यं पादाम्बुजं यस्येत्यर्थः । तथाच लक्ष्म्यादीनां यदगम्यं तदन्येषां क्व प्राप्यं पशुपक्ष्यादीनां तु लीलासृष्टिस्थत्वेन सर्वविलक्षणत्वादिति भावः । यद्वा । इन्दिराप्रभृतिषु श्रीस्वामिन्यादिषु मृग्यं द्रष्टव्यत्वेन शोध्यं पादाम्बुजं नान्यत्र । तस्य तद्वृन्दमात्रप्रकटनीयत्वादिति भावः । अथवा । इन्दिराप्रभृतिभिर्लक्ष्मीस्वामिन्यादिभिः कृत्वैव मृग्यं शोध्यं पादाम्बुजं यस्य तद्द्वारैव तत्प्राप्तेरिति भावः । अत

માંસ કાપીને હોમે છે તેવો પ્રયાસ અહિં નથી તેથી શ્રીઆચાર્યચરણે નિબન્ધમાં सहनं खननं શ્લોકમાં કહ્યું છે. ભગવાનને પ્રસન્ન કરવા એ તો પશુ પક્ષિ સુધાં ઉપર પ્રસન્ન થાય છે. એ પ્રસન્ન થયા તેમાં આચાર્યચરણની શી મોટાઈ છે એમ કોઈ કહે ત્યાં કહે છે કે તે લક્ષ્મી ગોપીજનો વિગેરે પણ બહુ કષ્ટ ઉઠાવે, વૃક્ષોને પૂછે, રાત સમગ્ર શોધે, તો પણ દેખાતા નથી તે કૃપા કરે ત્યારે ચરણકમળના દર્શન થાય છે તો બીજાને તો તેના દર્શન થાયજ ક્યાંથી? અથવા લક્ષ્મીથી ગોપીજન લેવા અને પુરુષોત્તમના દર્શન કરવાં હોય તો તે ગોપીજન દ્વારાજ થાય સ્વતંત્ર ન થાય એવો ભાવ इन्दिरामृग्यपादाम्बुज પદનો છે. તેથીજ ફલ પ્રકરણમાં કહ્યું છે કે तद्द्वारा पुरुषे भवेत्. હવે જ્ઞાન-

एवोक्तम् 'तद्द्वारा पुरुषे भवेत्' इति। अतः परं ज्ञानवत्कृत्यं भक्तिमार्गप्रवेश इति ज्ञापयितुं तथा प्रार्थयन्ति तदनुगत्वमेवास्तु मे। तस्य प्रभोरनु पश्चाद्गच्छति योन्तरो सेवकः यदभावे न प्रभोः क्वापि गतिः तस्य भावस्तत्त्वं भवत्वित्यर्थः। एतेन प्रभुचरणनलिनहृदयागतिमन्तरा नाचार्याणां प्रभोश्च सदानुगत्वमित्युक्तम्। फलान्तरव्यवच्छेदायाहुः एवेति। साधनासाध्यत्वबोधनाय प्रार्थ्यतेऽस्त्विति। अन्येषामेतन्मनोरथासंभवेपि ममैतदेवास्त्वित्याशयेनाहुः म इति। यद्वा। म इति संबन्धषष्ठी तेन मत्संबन्धिनां सर्वेषामपि तदेवास्तु नान्यदित्यर्थः। अथवा। मे मत्संबन्ध्येव

વાલાનું ભક્તિ કરવી એ કામ છે તેથી પ્રાર્થના કરે છે કે तदनुगत्वमेवास्तु. પ્રભુની પાછલ ચાલનાર અંતરંગ સેવક જેના વગર પ્રભુ ક્યાંય પણ પધારતા નથી તેથી ભગવાન્ હૃદયમાં ન આવે ત્યાં સુધી શ્રીમદાચાર્યચરણનું સ્વરૂપ કે શ્રીગુસાઈજીનું દાસ્ય ન મળી શકે. દાસ્ય શિવાય બીજું આ માર્ગમાં ફલ નથી એમ બતાવવા માટે एव શબ્દ લખ્યો છે. તે ફલ સાધનથી પ્રાપ્ય નથી તેથી પ્રાર્થના કરી છે. બીજો તો ફલદાસ્યનો મનોરથ પણ કરવાને લાયક નથી પણ મને તે દાસ્ય આપો એમ શ્રીગુસાઈજી કહે છે. મારી વિનંતિ છે. આપની કૃપા હોય તો મળે. કૃપાનું કાંઈ સાધન ન હોય. मे अस्तु એમાં છઠી વિભક્તિ કહી છે તેથી મારા બધા સંબંધિનો દાસ્યનોજ મનોરથ છે, બીજું કાંઈ પ્રાર્થનીય નથી. અથવા હું માગું છું તેવું બધા મારા ભક્તોની પણ તે

**तदनुगत्वं सर्वेषां मदीयानामस्त्वित्यर्थः । प्रभुपदसरोजसमाश्रयणमन्तरा तदनुगत्वासिद्धेः ॥ ६ ॥**

**वैराग्यं निरूपयन्तो भगवतो भक्तकरुणयेतरजनरागाभाववत्त्वं तदित्यत्रापि स्वसफलकृपालुत्वमाहुः अघौघतमसावृतमिति ।**

વિષયક પ્રાર્થના છે. તેથી મારા સંબંધથી તેને પણ તે ફલ હો. પ્રભુના ચરણકમળના આશ્રય વિના તે વસ્તુ દુર્લભ છે.[૬]

વૈરાગ્યનું નિરૂપણ કરતાં શ્રીપ્રભુચરણ કહે છે કે ભગવાનની કૃપાથીજ ભક્તોને બીજા માણસોમાં રાગનો અભાવ હોય છે. ભગવત્–ભક્તેતરમાં રાગાભાવ–વૈરાગ્ય. તે કહેવા માટે પોતાના ફલરૂપ પ્રભુની કૃપાલુતા अघौघतमसा આ શ્લોકમાં કહે છે.

**अघौघतमसावृतं कलिभुजङ्गमासादितं**
**जगद्विषयसागरे पतितमस्वधर्मे रतम् ।**
**यदीक्षणसुधानिधिः समुदितोनुकम्पामृता-**
**दमृत्युमकरोत् क्षणात्तदनुगत्वमेवास्तु मे ॥७॥**

इति श्रीविट्ठलेश्वरविरचिता ( स्फुरत्कृष्णप्रेमामृतरसेत्यादि ) सप्तश्लोकी संपूर्णा ॥

**શ્લોકાર્થ**—પાપના સમૂહરૂપ અંધકારથી છવાયલું, કલિરૂપી સર્પથી ગ્રસ્ત થએલ, વિષયસાગરમાં પડેલું, પોતાનો સ્વધર્મ છોડી અન્ય ધર્મમાં આસક્તિવાલું જગત જોઈને જેણે પોતાના નેત્રરૂપ ચંદ્રને પ્રકટ કર્યો અને કૃપારૂપ અમૃતવડે તે જગતને મૃત્યુથી ક્ષણવારમાં બચાવી લીધું તે શ્રીવલ્લભાચાર્યનું ચરણ મારૂં શરણ હો.[૭]

એમ શ્રીગુસાંઈજીકૃત સપ્તશ્લોકીનો શ્લોકાર્થ સમાપ્ત થયો.

यदीक्षणसुधानिधिः समुदितः क्षणाज्जगदमृत्युमकरोत् तत्पदं अरणं मेऽस्त्विति संबन्धः । अघानां कायिकादिभेदेनाधिभौतिकादिभेदेन वा त्रिविधानामपि पापानां य ओघः स एव तमः समग्रवस्तुसाक्षात्कारप्रतिबन्धकत्वेन तेनावृतमासमन्ताद्बाह्याभ्यन्तरभेदेन वृतमित्यर्थः । यद्वा । अघानां प्रतिबन्धकरूपाणामोघः समुदायो येषां नराणां तत्संबन्धि यन्मायावादादिरूपं तमस्तेनेत्यर्थः । अथ वा । अघानां पापानामोघैर्यत्तमः क्रोध अज्ञानादि तेन तथेत्यर्थः । ननु तमोनिवृत्तिः सूर्यत्वनिरूपणेनैव सिद्धेति किमीक्षणे सु·

**ટીકાર્થ**—જેના ઈક્ષણરૂપ ચંદ્ર સારી રીતે ઉદય પામ્યો તેણે જગતને ક્ષણવારમાં મૃત્યુથી મુક્ત કર્યું તે શ્રીઆચાર્યશ્રીનું ચરણકમલ અમારૂં રક્ષણ કરનાર હો આવો શ્લોકનો સંબંધ છે. પાપો કાયિક વાચિક માનસિક એવા ભેદથી ત્રણ પ્રકારનાં હોય છે અથવા આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક ભેદથી ત્રિવિધ સમજવાં. તે પાપના ઓઘ એટલે ઢગલા; તેજ અંધકાર. બધી વસ્તુને તેના ખરારૂપમાં જોવામાં પ્રતિબંધ કરનાર તે અંધકારથી જગત ઢંકાઈ ગયું અથવા અઘ એટલે અનેક પ્રતિબંધો જે પુરુષોને બાહ્ય આભ્યન્તર અન્યથા ભાવ કરાવે છે એવા માયાવાળાથી શાસ્ત્રરૂપ અંધકાર અથવા પાપના સમુદાયથી તમ એટલે ક્રોધ મોહાદિ તેનાથી જગત્ વ્યાપ્ત થયું. તમે પહેલાં કહ્યું કે તેને મટાડવાને આચાર્યચરણ પ્રકટ થયા અને તે અંધકારને મટાડ્યો તો પછી અહિં તેને ચંદ્રરૂપ કહેવાની શી

**धानिधित्वकथनेनेत्याशङ्क्याहुः कलिभुजंगमासादितमिति। कलिरेव भुजंगमः समाघ्राणमात्रेण सर्वमारकस्तेनासमन्तात्सादितं प्रासं भक्षितमित्यर्थः । यद्वा । कलौ ये भुजंगमाः विषं यान्तीति व्युत्पत्त्या तद्वृत्त्वेन विषयास्तैरासमन्तात्सादितं प्रासं विशीर्णं पीडितं वेत्यर्थः । अथ वा कलिरेव भुजंगमो बाहुगतिविलक्षणगतिः साधुपीडाऽसाधुसुखसंपादकतया सन्मार्गाविश्वासदायकस्तेनासमन्तात्सादितं तदधीनतां गतमित्यर्थः । तथा च तदधीनानां सन्मार्गविश्वास एव न भवतीति कैताद्दशजगतस्तत्करुणामन्तरा कृतार्थत्वसंभावनेति भावः । यद्वा । कलिर्भुजंगमः**

જરૂર છે એમ કોઈ કહે તેના ઉત્તરમાં કહેવાનું કે કલિકાલ મહા સર્પ જેવો છે, ફુંક મારતાંજ સર્વના પ્રાણ લેનાર છે. તે જગતને ગળી ગયો છે તેથી આપને ચંદ્રરૂપ કહ્યા. ચંદ્રમાં અમૃત છે તેનાથીજ મૃત્યુ પામેલું જીવતું થાય. અથવા કલિકાલમાં બધા ભુજંગમ છે. વિષને પ્રાપ્ત કરાવે તે વિષય કહેવાય. તે ભુજંગમો વિષયમાં ખેંચી જાય છે. તે વિષયોમાં પડવાથી જગત્ છિન્ન ભિન્ન થઈ ગયું છે એવો અર્થ કરવો. અથવા કલિજ ભુજંગમ એટલે માણસ જ્યારે પગથી ચાલે છે ત્યારે ભુજંગમો પેટથી ચાલનાર છે એટલે તે લોકો ભક્તને દુઃખ અને અભક્તોને સુખ આપનાર છે એવા લોકોના હાથમાં જગત્ સપડાઈ ગયું છે તેથી જગતને સન્માર્ગમાં વિશ્વાસ નથી. આવા જગતને મહાપુરુષની કૃપાવિના કૃતાર્થતાની સંભાવનાજ નથી. અથવા કલિભુજંગમથી અસત્પુરુષો લેવા. તેવા પુરુષોથી જગત્ પીડિત છે.

सर्प इव बाधको येषां भगवद्भक्तानां तैरसत्संगनिदानभूतैरासमन्तात् सादितं पीडितमिति । दुःसंगरूपमहादोषग्रस्तत्वादपि न कृतार्थत्वसंभावनेति भावः । ननु तथापि वैराग्येण कदाचित्कलिदोषाभिभव इत्याशङ्क्याहुः विषयसागरे पतितमिति । विषया एव सागराः अत्यगाधाः क्षारजलवदपेयरसाः कामक्रोधादिवातैरुच्छलितवासनातरङ्गाः स्वसुखभ्रमैः नक्रादिभिः पतितागिलनसमर्थाः सर्वथा नीचसेवितगतयस्तेषु पतितमित्यर्थः । अथवा । विषयसंबन्धिनो ये सागराः संसारसिन्धवः सर्वथा पतितजीवनसंभावनाभावसूचकाः । गरो विषं तेन सह वर्तते इति

તેથી તેને કૃતાર્થતાની સંભાવનાજ નથી. ત્યાં કોઈ કહે કે જો ભક્તોમાં વૈરાગ્ય હોય તો તેવા દુષ્ટ પુરુષો વિરક્ત ભક્તને કાંઈ વિઘ્ન કરી ન શકે તેના ઉત્તરમાં કહે છે કે લોકો વિષયરૂપી સાગરમાં ડૂબેલા છે. વિષયરૂપી અગાધ સાગર છે. જલ ખારૂં તેથી પાન કરી તૃષા છીપાવવાનો સંભવ નથી. કામક્રોધાદિ વાસનાના તરંગો ઉછળે છે. સુખના ભ્રમરૂપ મગરો પડતા માણસને ગળી જાય છે સર્વદા નીચી ગતિવાળા છે એવા સમુદ્રમાં જગત્ ડૂબેલું છે. અથવા વિષયસાગર એટલે સંસારસમુદ્ર-તેમાં પડે તે બચીજ ન શકે, ગર ઝેર તેની સાથે રહે તેનું નામ સાગર. એટલે ઝેરવાળા પદાર્થમાં પડવાથી ન મરે, તેમાં રહેલા ઝેરથી મરે. એવા સંસારસાગરમાં લોક પડ્યા છે. નીચું મુખ હોવાથી તે બહારનું કાંઈ પણ જાણી શકતા નથી. અથવા જગત્ શબ્દ બેવાર લેવું. જગતના વિષયો એજ સાગર. એટલે વિષયમાં પડે તે ભગવન્માર્ગ વિમુખ રહે.

सगरस्तत्संबन्धित्वेन सविषाः पतनमात्रेण मृत्युसंभवे विषदानेनापि मारणसमर्थाः। तेष्वपि पतितं न तु स्थितम्। अधोमुखतया तद्गतत्वेन बहिःसंवेदनाभावः सूचितः। यद्वा। जगदिति पदमावृत्त्या योजनीयम्। तथा च जगत्संबन्धिनो ये विषया न त्वलौकिका भगवत्संबन्धिनः तेषु तथेत्यर्थः। ननु विषयसागरपतितत्वेपि तेषु भगवत्प्रसादबुद्धौ परंपरया तदुपयोगित्वबुद्धौ वा किं बाधकमिति चेत्तत्राहुः <u>अस्वधर्मे रतमिति</u>। स्वधर्मो भगवद्धर्मः सर्वत्र भगवत्संबन्धित्वभावनं तद्भिन्नः संसारः सांसारिकरीत्या सर्वानुभवः प्रावाहिकधर्मस्तत्र रतं पश्चात्तापराहित्येन प्रीतियुतमित्यर्थः। यद्वा। स्वधर्म आत्मधर्मस्तद्भिन्नो यो देहधर्मस्तत्र रतम्। अथवा न विद्यते स्व आत्मा स्वरूपं येषु एतादृशा ये केवला भगवदसंबन्धिनो ये धर्माः

સાગરમાં પડે તે પણ તેમાંજ મરે આવી જગતની હાલ દશા છે. ત્યાં કોઈ કહે કે વિષયમાં તો લોક પડે છે પણ તેમાં ભગવાન કૃપા કરશે એમ માને અથવા ભગવદુપયોગી બુદ્ધિ રાખે તો વિષયો બાધક ન થાય. એના ઉત્તરમાં કહેવાનું કે જગત્ પોતાનો ધર્મ છોડી અસ્વધર્મમાં, પારકાધર્મમાં આસક્ત થયું છે. તેથી તેને ભગવત્સંબંધી ભાવના થતી નથી. અથવા સ્વધર્મ એટલે આત્મધર્મ તેને છોડી દીધો છે અને દેહના ધર્મોને પ્રાધાન્ય આપ્યું છે. અથવા જેમાં આત્માનું પ્રાધાન્ય નથી એવા બાહ્ય ધર્મોને લઈ બેઠો છે. જો ભગવદ્ધર્મને સમજી ધર્મિને પકડી બધું છોડી દે તો તેને બાધ ન આવે

सर्वविधा अपि तेषु तथेत्यर्थः । स्वरूपसहितधर्मपरत्वे पूर्वो-क्तबाधकानामबाधकत्वं 'सर्वधर्मान् परित्यज्य' इत्यादि-वाक्यैरिति भावः । नन्वेतादृशस्य जगतः कथं निस्तार इत्याशङ्क्याहुः यदीक्षणसुधानिधिरिति । यस्य प्रभोरीक्षण-मवलोकनमेवाघौघतमोनाशकत्वेन स्वकरुणामृतैः काल-भुजंगमविषवारकत्वेन स्वोदयोदिततरङ्गैः विक्षेपरूपैः विष-यसागरपतितोत्क्षेपणसामर्थ्येन सुधानिधिश्चन्द्रः सोऽनु-कम्पा। कपि चलने। अनु पश्चाद्भक्तानां कम्पते चलति यत्र यत्र ते गच्छन्ति तत्र तत्र तत्सहायतया गमनशीला कृपा सैवामृतमलौकिकदेहोत्पादकमखिलतापनिवर्तकं क्षुधादि-दोषवारकं स्वमात्रतर्पिताखिलतर्पकेतराकाङ्क्षासमापकं त-

કેમકે તેવા ધર્મ છોડવાનું તો ભગવાન્ ગીતામાં सर्वधर्मान् परित्यज्य मा-मेकं शरणं व्रज એમ કહે છે. તે તો ભગવાનરૂપી સુધાને છોડે છે એટલે અંધકારમાં ડૂબે છે. ત્યારે એવા જગતને બચાવવાનો ઉપાય શું કરવો એમ કહે તો यदीक्षणसुधानिधि ઇત્યાદિથી કહે છે કે શ્રીઆચાર્યચર-ણની કરુણાદૃષ્ટિ જો તેની ઉપર પડે તો તે સુધાયુક્ત ચંદ્રરૂપ હોવાથી પાપરૂપ અંધકારને દૂર કરે, કાલભુજંગમના વિષને અમૃતવર્ષણથી ઉતારે, ચંદ્રનો ઉદય થાય ત્યારે સાગરમાં મોટા તરંગો થાય તેથી સંસારસાગરમાંથી તરંગદ્વારા તેને બહાર ફેંકી દે, એ કૃપારૂપ જોવું તેજ સુધાનિધિ. તે કૃપાનું નામ અનુકંપા છે. અનુ એટલે પાછલ. કપિ ચલન અર્થમાં ધાતુ છે એટલે જેની ઉપર દયા કરે તેની પાછલ પડી તેને અલૌકિક દેહ આપી માત્ર નેત્રથી પોષણ આપે છે. લૌકિક ભૂખ

स्मादित्यर्थः। कृपयैव भक्तानामलौकिकदेहादिप्राप्त्या तापादिदोषनिवृत्तेः। नन्वीक्षणं चन्द्रेणापि स्वपूर्णतावसरे तथा करणीयं स्वानुदयक्षीणतादिकाले तु का गतिरित्याशङ्क्याहुः समुदित इति सम्यगुदित इति नास्तमयक्षीणतादिकालसंभावनेति भावः। अमृत्युमिति न विद्यते मृत्युर्मरणं यस्य तादृशं जगल्लीलासृष्टिप्रवेशेन नित्यतासंपादकेनाकरोदित्यर्थः। अत्र जगदिति सप्तम्यर्थे द्वितीया 'जगत्क्रीडति' इतिवत्। तथा च पूर्वोक्तधर्मवति तस्मिन्नमृत्युं मृत्व्यभावमित्यर्थः। अत्यन्ततमसा कालसर्पदंशेन सागरपतिततया जगतो मृत्युसंभवादिति भावः। यद्वा यदीक्षणमेव વિગેરે દૂર કરે છે, બીજી ઇચ્છાઓને પ્રકટ થવા દેતા નથી અને તેના તાપને દૂર કરે છે. ચંદ્ર પણ પૂર્ણ હોય ત્યારે અમૃત વર્ષે, સાગરને ઉછાળે. પણ તેતો પાછો ક્ષીણ થાય છે તેવે વખતે શું થાય એમ કોઈ કહે ત્યાં કહે છે કે આ શ્રીવલ્લભાચાર્યની કૃપાદૃષ્ટિરૂપ ચંદ્ર કોઈ દિવસ ક્ષીણ થતો નથી. એ પૂર્ણ અને નિષ્કલંક છે એટલે એવી શંકા અહિં સંભવતિ નથી. તે ચંદ્ર મૃત્યુને દૂર કરે છે. તેનું મૃત્યુ દૂર કરી તેને લીલાસૃષ્ટિમાં દાખલ કરી નિત્યતા સંપાદન કરી આપે છે. અહિં જગત્ શબ્દને સાતમી વિભક્તિના અર્થમાં બીજી વિભક્તિવાળો સમજવો. ઉપલા કારણોથી જગત મૃત્યુને પ્રાપ્ત થયું હતું તેને આપની દૃષ્ટિસુધાથી તેનાથી વિપરીત ધર્મવાળું કર્યું અથવા જેના નેત્રરૂપ સુધાનિધિ જેમાં છે એવા શ્રીમુખના લાવણ્યામૃતનું પાન કરનાર મૃત્યુને, અંધકારને, સર્પ ગ્રાસને દૂર ફેંકી કૃતાર્થ–અમૃત–નિત્ય થાય છે. અહિં अकरोत् એમ ભૂતકાલ કહ્યો છે તેથી

सुधानिधिरूपा यत्र तादृशं मुखमेवानन्तचन्द्रसमुदायरूपश्चन्द्रः अनुकम्पया कृपया भक्तार्थमर्थादुत्पादितं यदमृतं लावण्यामृतं तस्मात्तथाविधं जगदमृत्युं मृत्युः कालसंबन्धः तद्रहितमकरोदित्यर्थः । भूतार्थकप्रयोगेण पूर्वमेवानुकम्पामृतादङ्गीकृतं जगत् तथा कृत्वा स्थापितमिति नासंभावना स्वविषयककृपायामुद्धारे फलसंबन्धे वाधुनिकैर्विधेयेति भावः । क्षणादिति विलम्बाभावः सूचितः । अतःपरं फलमिव प्रार्थयन्तः तदतिरिक्तस्याफलत्वमिति तच्चरणशरणमेव प्रार्थयन्ते अरणमस्तु मे तत्पदमिति । तेषां श्रीमदाचार्याणां पदं पद गतौ सकलगत्याश्रयं पदमेव मे अरणं गृहं

એવું જગત હતું તેને કૃપા ચંદ્રાલોકે સ્વતુલ્યતા આપીને સ્થાપન કર્યું છે તેથી આધુનિક જીવોએ કૃપાબલમાં અવિશ્વાસ ન કરવો. क्षणात् કહેવાથી અમર કરવામાં આપને પરિશ્રમ કે વિલંબ નથી પરંતુ દર્શનમાત્રથી જીવને કૃતાર્થ કરે છે. હવે ફલની પ્રાર્થના કરે છે કે તે આચાર્યશ્રીનું ચરણ અમારૂં આશ્રય થાઓ. શરણશબ્દનો અર્થ ઘર અને રક્ષણ કરનાર એવો થાય છે એટલે તે અમારૂં નિવાસસ્થાન થાઓ અથવા અમારૂં રક્ષક થાઓ એવો અરણશબ્દનો અર્થ છે. અથવા ઈક્ષણચંદ્રનું સ્થાન તે અમારૂં શરણ થાઓ એટલે જ્યાં તેનો ઉદય છે તે સ્થાનમાં અમો રહિએ કે જ્યાં તેના કિરણો અમને સહેલાઈથી મળી શકે. અથવા તેમનું પદ એટલે પુષ્ટિમાર્ગીય જીવોનું રહેવાનું સ્થાન થાઓ. અથવા તે આચાર્યચરણનું વાક્યજ અમારૂં સર્વ કાર્ય સિદ્ધ કરનાર થાઓ. અથવા મારા સંબંધવાળાને આચાર્ય-

सर्वदा निवासस्थानमस्यासक्तिसंपादकमखिलाहंताममता-निदानभूतं त्रिवर्गसुखकृत्स्वास्थ्यकारणमन्यत्र गमनेपि दुर्लभत्वादस्त्विति प्रार्थ्यते इत्यर्थः। यद्वा तस्य पूर्वोक्तेक्षण-चन्द्रस्य पदं स्थानं यत्रोदयस्तदेव शरणमाश्रयोस्तु तदाश्र-याश्रये तच्चन्द्रकिरणसंबन्धस्य सुलभत्वादिति भावः। अथ वा। तत् प्रसिद्धं पुष्टिमार्गीयत्वेन पदं शरणं तथास्त्वित्यर्थः। अथवा। पद्यते गम्यते प्राप्यते ज्ञायते वा येन तद्वाक्य-मेव रतिपथप्रवर्तकतयाखिलाधिकफलदायकत्वेन अरणं सर्वकार्यसाधकमस्त्वित्यर्थः। अन्यस्यान्यत्रापि फलबुद्धि-रस्तु तथास्माकं तु तदेवास्तु इत्याशयेनाहुः म इति। यद्वा। मे मत्संबन्धि तत्पदं चरणं स्थानं वा पूर्वोक्तं चन्द्रोदयस्या-र्थात् तदेव सर्वेषां मत्संबन्धिनामरणं शरणमस्त्वित्यर्थः। एतेनाचार्यचरणानामेतत्संबन्धित्वेनैतदाश्रितानामेवाचा-र्यचरणाश्रयणं सिद्ध्यतीति भावः। अथ वा। मे मत्संब-न्धिनां सर्वेषामेव तत्पूर्वोक्तं पदमेवाचार्याणां शरणं रक्षक-

ચરણનું ચરણારવિંદ રક્ષકરૂપ થાઓ. અથવા શ્રીગુસાંઈજીનું કથન છે કે મારા આશ્રિતોને ચરણારવિંદ શરણરૂપ હો. એમ પોતાના જીવોને માટે આપે પ્રાર્થના કરી છે. હવે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે જેને ભગવાનની કૃપા થઈ છે શ્રીઆચાર્યચરણના ચરણનલિનમાં ભ્રમરની જેમ જેનું મન ભમે છે, શ્રીઆચાર્યની શરણા-ગતિજ જેનું બળ છે એવા ભક્તોએ ફલમાં સંદેહ ન રાખવો અને તેમના ચરણમાં રહેવું. 'શ્રીવલ્લભાચાર્યની કૃપાજ જેને એક સાધન છે

मस्तु इति स्वीयार्थे प्रार्थनाव्याजेन वरदानमेवेति प्राप्तवरैरेतच्चरणनलिनमकरन्दमधुपायमानमानसैरेतदाश्रयमात्रबलसकलफलाशैः सर्वैर्निश्चिन्ततया स्थेयमिति दिक् ॥७॥

इति श्रीवल्लभाचार्यकृपामात्रैकसाधनः ।
हरिरायः सप्तपद्याश्चक्रे विवृतिमुत्तमाम् ॥ १ ॥
यद्यपि नैव प्रसरति बुद्धिर्जीवस्य तत्कृताख्याने ।
तत्कृपया यदशक्यं साधयितुं शक्यते दासैः ॥ २ ॥
प्रभुवागन्तःपतितं मद्वचनं तत् सतां ग्राह्यम् ।
मिलितं रथ्योदकमपि गङ्गानीरेण निन्द्यते नैव ॥ ३ ॥
एतन्मम नोचितमपि रचितं बालस्वभावेन ।
क्षन्तव्यं मत्प्रभुणा तदीयदीनेऽतिकरुणेन ॥ ४ ॥
यद्यपि वचनं यादृक् भाषितमपि तादृशं भवति ।
एतत्संबन्धि यतः शोभनमिति शोभते जगति ॥ ५ ॥

એવા શ્રીહરિરાયજીએ આ સપ્તશ્લોકીની ઉત્તમ વિવૃતિ રચી છે.[1] શ્રીગુસાંઈજીએ કરેલા ગ્રંથની વ્યાખ્યા કરવી એમાં જીવની બુદ્ધિ ચાલતી નથી. પરંતુ દાસલોકો તેની કૃપાના બલવડે અશક્ય વસ્તુને પણ સિદ્ધ કરી શકે છે.[2] શ્રીપ્રભુચરણની વાણીમાં મારાં વચનો ભળી ગયાં છે માટે તે સત્પુરુષને ગ્રહણ કરવા લાયક છે કેમકે ગંગાજીમાં રસ્તાનું પાણી મળે તો તેની કોઈ ડાહ્યો માણસ નિંદા કરતો નથી.[3] મને આ સ્તોત્રની ટીકા કરવાનું ઉચિત ન્હોતું પણ બાલ સ્વભાવથી કર્યું છે તો હું દીન છું તેના વંશનો છું એમ ધારી આપ અતિદયાલુ છે

१. हरिरायश्चकारेमां विवृत्तिं स्वार्थसिद्धये ।

मयानयः कृतो भूयान् यत्तद्रूपनिरूपणम् ।
कृतं स मे महादोषः क्षन्तव्यः प्रभुणा स्वतः ॥ ६ ॥
एतावदेव विज्ञाप्यमेवमेव सदा मनः ।
वसतु श्रीमदाचार्यचरणेऽनन्यतां गतम् ॥ ७ ॥
बालेन बालभावेन बालकृष्णोक्तिमात्रतः ।
किंचिन्निगदितं तेन प्रसन्नोस्तु प्रभुर्मम ॥ ८ ॥

इति श्रीमदाचार्यचरणसरसिजरजोभिषेकप्राप्तमहाराज्यश्रीहरिरायविरचिता सप्तश्लोकीविवृतिः संपूर्णा ॥

તેથી ક્ષમા કરશે.[૪] જેવું મુખ તેવું તેનું ભાષણ હોય છે તો પણ શ્રીઆચાર્યના સંબંધવાળી બધી વસ્તુ શોભાવાલી છે તેથી મારા વચનો પણ તેને લગતાં હોવાથી જગતમાં શોભશે.[૫] મેં આપનું સ્વરૂપ નિરૂપણ કર્યું તે મોટો અન્યાય કર્યો છે કેમકે તેમાં રહસ્ય પ્રકાશ થયો છે. રહસ્યને ખુલું કરવું એ પણ અપરાધરૂપ ગણાય છે પણ તે મારા મોટા દોષને શ્રીગુસાંઈજી કૃપા કરી ક્ષમા કરશે.[૬] મારી વિનંતિ એટલીજ છે કે મારૂં મન અનન્ય થઈને શ્રીઆચાર્યચરણના પાદારવિંદમાં રહે.[૭] [૧]બાલકૃષ્ણના કહેવામાત્રથી બાલભાવથી આ બાલકે થોડું કહ્યું છે તેવડે મારા પ્રભુચરણ મને પ્રસન્ન થાઓ.[૮]

ઇતિ શ્રીવલ્લભાચાર્યના ચરણરૂપી કમળની રજથી અભિષિક્ત થવાતાં જેને મહારાજ્ય પ્રાપ્ત થએલ છે એવા શ્રીહરિરાયજીએ કરેલી સપ્તશ્લોકીની વિવૃત્તિ અહિં સંપૂર્ણ થાય છે.